અર્ધ શતાબ્દી સે...
જમીની જનતા કો...
નાણાંકીય સહભાગીતા પ્રદાન કર રહી...
મોડેલ સહકારી બેંક...




# ધી પંચશીલ મર્કન્ટાઈલ કો-ઓ. બેંક લીમીટેડ

## સુવર્ણ જયંતિ વર્ષ
### ૧૯૭૩ થી ૨૦૨૪


''સહકાર સે સમૃદ્ધિ''

आज़ादी का अमृत महोत्सव



''सहकारवाद एक ऐसा अहम् क्षेत्र है, जिसमें जनता-जनार्दन की सामूहिक शक्ति अर्थव्यवस्था की चालक शक्ति के रुप में ड्राइविंग फोर्स बनती है और ये जमीनी स्तर पर देश की अर्थव्यवस्था को मजबूत बनाती है।''

-मा. प्रधानमंत्री श्री नरेन्द्र मोदी जी



'सहकारिता' मानव सभ्यता के दो महत्वपूर्ण सिद्धांतो का प्रतीक है - 'सह' और 'कार्य', सम्मलित प्रयास से समावेशी उद्देश्य प्राप्त करने की यही भावना किसी भी समाज की परिकल्पना को साकार करती है।

-मा. केंन्द्रिय गृहमंत्री श्री अमित शाह जी

### :: શાખાઓ ::

| | | |
|---|---|---|
| બેલ્જીયમ ટાવર શાખા,<br>બેલ્જીયમ ટાવર, સીલ્વર પ્લાઝા કોમ્પલેક્ષ,<br>રીંગરોડ, સુરત-૩૯૫ ૦૦૩.<br>☎ : ૨૪૨ ૭૬૯૦ (જનરલ મેનેજર) | કિંજલ એપાર્ટમેન્ટ,<br>કૈલાશનગર, સગરામપુરા.<br>સુરત-૩૯૫ ૦૦૨.<br>☎ : ૨૪૬૩૬૩૩ | રાણીતળાવ મેઈન રોડ,<br>લાલગેટ,<br>સુરત-૩૯૫ ૦૦૩.<br>☎ : ૨૪૧૯૩૯૪ |
| ગોવાલક જુના જકાતનાકા,<br>ઉધના-મગદલ્લા રોડ,<br>સુરત-૩૯૫ ૦૦૭.<br>☎ : ૨૬૩૨૦૪૦ | ઈન્દ્રપ્રસ્થ એપાર્ટમેન્ટ,<br>નગીનાવાડી સામે, કતારગામ,<br>સુરત-૩૯૫ ૦૦૪.<br>☎ : ૨૪૮૮૦૦૮ | શ્રી કૃપા સોસાયટી, કાપોદ્રા બી.આર.ટી.એસ.<br>બસ સ્ટોપ સામે, વરાછા મેઈન રોડ,<br>સુરત-૩૯૫ ૦૦૬.<br>☎ : ૨૫૮૦૨૦૦ |

''સહકાર સે સમૃદ્ધિ''

# ધી પંચશીલ મર્કન્ટાઈલ કો-ઓ. બેંક લિ.

## :: બોર્ડ ઓફ ડીરેક્ટર્સ ::



**શ્રી મયૂર એસ. ચૌહાણ**
માન. ચેરમેનશ્રી



**શ્રી અજયકુમાર જે. ચોકસી**
માન. વાઈસ ચેરમેનશ્રી



**શ્રી સુરેશભાઈ પી. પટેલ**
માન. મેનેજીંગ ડીરેકટરશ્રી (બોર્ડ)



**શ્રીમતી દર્શનાબેન વી. જરદોશ**
મા. જોઈન્ટ મેનેજીંગ ડીરેકટરશ્રી



**શ્રી પ્રવિણચંદ્ર આર. નાયક**
માન. ડીરેકટરશ્રી



**શ્રી રણજીતભાઈ એમ. ગીલીટવાલા**
માન. ડીરેકટરશ્રી




**શ્રી બાબુભાઈ એન. પટેલ**
માન. ડીરેકટરશ્રી



**શ્રી વ્રજલાલ જી. માવાણી**
માન. ડીરેકટરશ્રી



**શ્રી અશોકકુમાર સી. સુખડીયા**
માન. ડીરેકટરશ્રી



**શ્રી નાથુભાઈ ડી. સોસા**
માન. ડીરેકટરશ્રી



**શ્રી દિપકકુમાર આર. વાંકાવાલા**
માન. ડીરેકટરશ્રી



**શ્રી કનૈયાલાલ વી. પટેલ**
માન. ડીરેકટરશ્રી



**શ્રી પરસોત્તમભાઈ પટેલ**
માન. ડીરેકટરશ્રી



**શ્રી અરવિંદભાઈ રાણા**
માન. ડીરેકટરશ્રી

''સહકાર સે સમૃદ્ધિ''

# ધી પંચશીલ મર્કન્ટાઈલ કો-ઓ. બેંક લીમીટેડ

## ''સહકારીતા રાષ્ટ્ર સમૃદ્ધિનું ચાલકબળ''



## સહકારી બેંક દેશની આર્થિક ધરોહર

બેંક અર્થ શકિતનો સંચય કરીને પ્રજાને આર્થિક સહાય કરે છે,
એ રીતે બેંક લક્ષ્મીનું સ્વરૂપ.



સહકાર

સંવેદના

સંસ્કાર

સૂચીતા

સમૃદ્ધિનું

પંચશીલ તત્ત્વ એટલે...

## ધી પંચશીલ મર્કન્ટાઈલ કો-ઓપરેટીવ બેંક લિ.

શુદ્ધ સહકારિતાનું પ્રતિબિંબ એટલે...

## ધી પંચશીલ મર્કન્ટાઈલ કો-ઓપરેટીવ બેંક લિ.

# સહકારીતાનું સંવેદનશીલ મોડેલ એટલે ''પંચશીલ મર્કન્ટાઈલ કો-ઓ. બેંક''

ધી પંચશીલ મર્કન્ટાઈલ કો-ઓપરેટીવ બેંક સ્થાપનાના (૫૦) વર્ષ પૂરા કરવા જઈ રહી છે. સહકારી ક્ષેત્રમાં કોઈપણ બેંક (૫૦) વર્ષ પૂરા કરે તે ત્યારે શક્ય બને જ્યારે સામાન્ય રીતે સંચાલનકર્તાઓ પ્રામાણિક હોય, કર્મચારી કર્તવ્યશીલ હોય, ગ્રાહકો સેવાથી સંતુષ્ઠ હોય અને સભાસદોનો બેંકના કર્તાહર્તાઓમાં વિશ્વાસ હોય, પંચશીલ બેંકનો ઈતિહાસ પણ કંઈક આવો જ છે.

સ્થાપના કાળમાં વ્યાજખોરીની બદીને ડામવા ચેલેન્જરૂપે બેંક ખૂબ નાના પાયે શરૂ થઈ, પરંતુ મધ્યમવર્ગી વિચારધારા ધરાવતા કાર્યકર્તાઓના અનિયમીત વહીવટને કારણે બેંક તેની સેવાઓને અને લાભોને લોકો-સભાસદો-ગ્રાહકો સુધી પહોંચાડવામાં નિષ્ફળ ગઈ હતી. જે સમયે રીઝર્વ બેંક દ્વારા નોટીસો મળી હતી. બેંક ફડચામાં જાય તેમ હતી તેવા સમયે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ અને રાષ્ટ્રવાદી કાર્યકર્તાઓ સર્વ શ્રી કાંતીભાઈ વ્યાસ, ફકીરભાઈ ચૌહાણ અને અન્ય વરીષ્ઠ કાર્યકર્તાઓ એ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના પ્રચારક મા. દેશમુખજીની પ્રેરણાથી અત્યંત વિપરીત પરિસ્થિતીમાં બેંકના સૂત્રો સંભાળ્યા. સંઘ કામમાં કાર્યકર્તાઓમાં જે પ્રકારે સામાજીક ઉત્તરદાયિત્વ નિભાવવાની ભાવના ગળથૂથીમાંથી ઠાંસીને ભરેલી હોય છે તેવું જ પંચશીલ બેંકના કિસ્સામાં બન્યું. પરિણામ આજે સુરતની જનતા સમક્ષ છે કે, પંચશીલ બેંક તેની સ્થાપનાના (૫૦) વર્ષ પૂરા કરી રહી છે. સમગ્ર પંચશીલ બેંક પરિવાર માટે આ એક આનંદ અને ગૌરવનો પ્રસંગ છે. આ તબકકે બેંકને જીવંત રાખી પ્રગતિમાં સહભાગી થનાર તમામને વંદન સાથે અભિનંદન પાઠવીએ છીએ.

બેંકની સ્થાપનાનો ઉદ્દેશ્ય છેવાડાના અને નીચલા વર્ગના માનવીને બેંકીંગ સર્વિસ સાથે જોડી તેના નાના મોટા ધંધા રોજગાર તેમજ વિવિધ સામાજીક પ્રસંગોએ પડતી નાણાંભીડ સમયે કોઈની પાસે હાથ લંબાવવો ન પડે અને પોતાનો પ્રસંગ સ્વમાનભેર પૂરો કરી શકે. તે પ્રકારે બેંકીંગ કરવાનો હતો તે ઉદ્દેશ સાંગોપાંગ રીતે બેંક પચાસ વર્ષથી નિભાવી રહી છે.

સહકારની ભાવનાથી જમીની સ્તરના લોકોની આર્થિક ઉન્નતી અને સધ્ધરતા વધારવા માનવીય અભિગમને સામે રાખી ગત (૫૦) વર્ષોથી ધી પંચશીલ મર્કન્ટાઈલ કો-ઓપરેટીવ બેંક સતત સક્રિયપણે કાર્યરત છે અને ભવિષ્યમાં પણ રહેશે.

આજે બેંક રીઝર્વ બેંક ઓફ ઈન્ડીયાના માર્ગદર્શક સિધ્ધાંતો અને સૂચનાઓનું ચૂસ્તતાથી પાલન કરી રહી છે. અને રીઝર્વ બેંક દ્વારા સામાજીક ક્ષેત્રે લોન આપવા માટેની જે માર્ગદર્શિકા આપવામાં આવે છે તેના કરતા પણ વધારે ધિરાણ ટાર્ગેટ સિદ્ધ કરીને સમાજના વંચિત, શોષિત, નબળા વર્ગ માટે બેંક કાર્ય કરી રહી છે. બેંક એ પોતાના કુલ ધિરાણના (૭૫%) લોન (૨૫) લાખથી ઓછી રકમની આપી છે, જે સમાજના મધ્યમ, નિમ્ન અને ગરીબ વર્ગનો ઉત્કર્ષ

સાધવાની બેંકની અગ્રીમતા અને તત્પરતા દર્શાવે છે, અને એમના જીવનમાં આર્થિક - સામાજીક પરિવર્તન લાવવામાં આંશિક યોગદાન આપ્યાનો અને આપવાનો પંચશીલ બેંક પરિવારને આનંદ અને ગૌરવ છે.

આજે એક બેંક તરીકે સરકારની કલ્યાણકારી યોજનાઓનો લાભ સમાજના જરૂરિયાતમંદ પરિવારો, ધંધાર્થિઓ, વેપારીઓને મળે એનો પ્રયાસ પણ બેંક કરી રહી છે. જેમકે, PMEGP, પ્રધાનમંત્રી - મુખ્યમંત્રી - શહેરી આવાસ યોજનાઓ, ગુજરાત સરકારની આત્મનિર્ભર ૧ - ૨ યોજનાઓ, જાતજામીનની લોન, વિગેરે તમામ પ્રકારના ધિરાણોને સરળતાથી અને કોઈપણ પ્રકારના શોર્ટકટ વિના યોગ્ય વ્યકિતને મળે તે પ્રકારનો પ્રયાસ અને અભિગમ બેંકનો રહ્યો છે.

બેંક વિવિધ સામાજીક રાષ્ટ્રીય આપદાઓ સમયે સક્રિય રહી યોગ્ય મદદ પીડિત પરિવારોને કરવામાં પણ પાછી પાની કરતી નથી. બેંકનો નવો અભિગમ સામાજીક પ્રવૃત્તિઓના માઘ્યમથી પોતાની સામાજીક અને રાષ્ટ્રીય ફરજ નિભાવવાનો પણ રહ્યો છે. ગત વર્ષોમાં બેંક દ્વારા અનંતચૌદશ જેવા પ્રસંગે નિઃશુલ્ક પાણી વિતરણ કે રકતદાન, ફ્રી આઈ-ચેકઅપ કેમ્પ, જનરલ ચેકઅપ કેમ્પના સામાજીક આયોજનો પણ પોતાના કર્મચારીઓ, ગ્રાહકો, સભાસદો અને આમ જનતા માટે કરેલ છે ભવિષ્યમાં પણ કરતા રહીશું. આમ બેંક ધંધાકીય જ નહિં પણ માનવીય - સામાજિક અભિગમને નજર સમક્ષ રાખીને છેવાડાના જરૂરિયાતમંદ માનવી અને તેના પરિવારને કેન્દ્રમાં રાખી સોશ્યલ કમીટમેન્ટ પણ નિભાવવાનો પ્રયાસ કરી રહી છે.

શુદ્ધપણે સામાજીક-આર્થિક-સહકારની ભાવના અને સહકારીતાના સિદ્ધાંતો મુજબ આબેહુબ રીતે ચાલતી દેશભરની થોડી બેંકોમાં પંચશીલ બેંક પણ ઉત્તમ સહકારી બેંકનું સંવેદનશીલ મોડેલ તરીકે માન્યતા અને ખ્યાતી પામી છે. તે બેંક પરિવાર માટે ગૌરવની બાબત છે.

ત્યારે આજના પ્રસંગે આ (૫૦) વર્ષની અવિરત મજલ કાપવામાં સહયોગી એવા તમામ સંચાલક મંડળના સભ્યો, કર્મચારીઓ, ગ્રાહકો અને સભાસદો તથા તમામ નામી અનામી સહકારીઓનો આભાર માનવા સાથે આ પ્રકારનો સાથ સહકાર ભવિષ્યમાં પણ બેંકને તમામ તરફથી મળતો રહેશે તેમજ બેંક આ રીતે જ પોતાનો ઉદ્દેશ્ય સફળ બનાવવા તરફ પ્રગતિ કરશે એવી અપેક્ષા સહ પ્રભુ પ્રાર્થના.

આભાર સહ,

"વંદેમાતરમ્"　　"જય સહકાર"

એડવોકેટ - મયૂર ચૌહાણ
(ચેરમેન)

અજયકુમાર ચોકસી
(વાઈસ ચેરમેન)

સુરેશભાઈ પટેલ
(મેનેજીંગ ડીરેકટર (બોર્ડ))

દર્શના જરદોશ
(જોઈન્ટ મેનેજીંગ ડીરેકટર)
(મા. મંત્રીશ્રી - કેન્દ્રીય રેલ્વે તથા ટેક્ષટાઈલ રાજ્યમંત્રી)

**ભૂપેન્દ્ર પટેલ**
મુખ્યમંત્રી, ગુજરાત રાજ્ય

તા. ૨૭-૧૨-૨૦૨૩

**સંદેશ**

**સુરતની ધી પંચશીલ મર્કેન્ટાઇલ-કો. ઓપ બેંક લિ.**ની સ્થાપનાના ૫૦ વર્ષની પૂર્ણતાના અવસરે બેંક દ્વારા પ્રસંગને અનુરૂપ અને તેના સહકારી સંચાલનની સફળતાને સંકલિતરૂપમાં રજૂ કરનારું સુવેનિયર પ્રસિદ્ધ થઇ રહ્યું છે તે જાણી આનંદ થયો.

૫૦ વર્ષ પૂર્વે પંચશીલ નામ સાથે, અને તે સમયના સંઘપ્રચારક સ્વ. શ્રી દેશમુખની પ્રેરણા સાથે કાર્યરત થયેલ આ વ્યાપારી સહકારી બેંક સેવાના માધ્યમથી, નાના અને મધ્યમવર્ગીય લોકોની આર્થિક સદ્ધરતા માટે લોનરૂપી સહાય કરવામાં પ્રેરક કામગીરી કરતી રહી છે.

સુયોગ્ય અને સફળ સંચાલનના પાયા સાથે બેંક, પોતાની સ્થાપનાના સુવર્ણ અવસરની ઉજવણી રૂપ સુવેનિયરના પ્રકટીકરણ માટે શુભેચ્છા પાઠવું છું. ''ગ્રાહકસેવા એજ પ્રભુસેવા''ના ગાંધી સિદ્ધાંતને સદાય સમક્ષ રાખી સંસ્થા સતત આગળ વધતી રહે તેની શુભકામના. સંચાલક અને ગ્રાહક સમુદાયને અભિનંદન પાઠવું છું.

આપનો,

(ભૂપેન્દ્ર પટેલ)

To,
**Shree Mayurbhai S. Chauhan,** *Chairman,*
The Panchshel Mercantile Co-op. Bank Ltd.,
Belgium Tower, Silver Plaza Complex,
Niranjan Mill Compound, Ring Road, Surat-395003
Email: pmcbank@gmail.com

apro/ab/2023/12/27/vj

"સહકાર સે સમૃદ્ધિ"

# ધી પંચશીલ મર્કન્ટાઈલ કો-ઓ. બેંક લીમીટેડ




**C. R. PAATIL**
MEMBER OF PARLIAMENT
LOK SABHA
**Chairman**
House Committee, Lok Sabha
**Member**
Urban Development Committee


## શુભેચ્છા સંદેશ

નમસ્કાર,

આપ પંચશીલ મર્કન્ટાઇલ કો.ઓ. બેન્કના સુવર્ણ જંયતિ વર્ષ નિમિત્તે સોવેનિયર પ્રગટ કરવા જઇ રહ્યા છો તે જાણી આનંદ થયો.

જે તે સમયના તત્કાલીન પ્રાંત પ્રચારકજી સ્વ. દેશમુખજીની પ્રેરણાથી આ બેન્કને કાર્યરત બેન્ક તરીકે હસ્તગત કરી નાના વ્યક્તિઓને મદદરૂપ થવાના ધ્યેય સાથે આજે ૫૦ વર્ષ પૂર્ણ કરવા જઇ રહ્યા છો તે ખરેખર આવકારદાયક છે.

બેન્કના સુવર્ણ જંયતિ વર્ષ નિમિત્તે આપ જે સોવેનિયર થકી લોકોમાં પંચશીલ બેન્ક દ્વારા નાના અને મધ્યમવર્ગીય વ્યક્તિઓ અને જમીની સ્તરના વંચિતોને બેન્કીંગ સર્વિસ પૂરી પાડવાનું સામાજિક દાયિત્વ વિશે જાણકારી મળશે.

આપની બેન્ક વધુને વધુ પ્રગતિ સોપાન સર કરે એવી આપ તથા આપની બેન્કના પૂરા સ્ટાફને મારી હાર્દિક શુભકામના...

ધન્યવાદ...

સી. આર પાટીલ

પ્રતિ,
**શ્રી મયુરભાઈ એસ. ચૌહાણ - ચેરમેન**
ધી પંચશીલ મર્કન્ટાઇલ કો.ઓપ. બેન્ક લિ.,
રીંગરોડ, સુરત.
તારીખ : ૨૭/૧૨/૨૦૨૩


(AN ISO 9001 2015 Certified Office)
**Parliament Office** : 141, Parliament House, New Delhi 110001. Tele. 011-23019598, 23034719
**Delhi Office** : 501, New M. S. Flats, '**Narmada**', Dr. B.D. Marg, New Delhi 110001
Telefax : 011-23313371, Delhi Mobile : 09013180249
**Surat Office** : 9, Amba Nagar, Udhna Magadalla Road, Surat-395002 (Gujarat) Personal Mobile : 098241 27694 Toll Free : 1800 2331590, Ph. : 0261 2300000 (100 Lines)
Surat Mobile : 09428822424, Ph. : (0261) 2633467, 2630404, Fax : (0261) 2630405
E-Mail : c_r_patil@yahoo.com, Website : www.crpatil.com

दर्शना जरदोश
Darshana Jardosh

सत्यमेव जयते

रेल एवं वस्त्र राज्य मंत्री
भारत सरकार
Minister of State for
Railways and Textiles
Government of India

તા:૧૦/૦૪/૨૦૨૩

## શુભેચ્છા સંદેશ

મારી જાહેર ક્ષેત્રની યાત્રા સહકારી ક્ષેત્રથી શરૂ થઇ છે. ભા.જ.પ. ના સંપર્કમાં આવ્યા પહેલા સુરતના સહકારી ક્ષેત્રનો પરિચય મારા માતૃશ્રીના માધ્યમથી થયો. ભાજપના સંપર્ક પછી પંચશીલની શેર હોલ્ડર એક લોન લેનાર તરીકે અને હવે ડિરેક્ટર તરીકે અને જોઇન્ટ મેનેજિંગ ડિરેક્ટર તરીકે એક મૂળ સહકારી ક્ષેત્રની કાર્યકર્તા તરીકે પંચશીલને ૫૦ વર્ષ પૂરા કરતી જોઈ અને ત્યારે એક જવાબદાર પદાધિકારી તરીકે આનંદ અને ગૌરવની લાગણી અનુભવું છું અને આ લાંબી યાત્રાના તમામ ઘટકો- સંચાલક મંડળ, કર્મચારી ગણ, શેર હોલ્ડરો અને ગ્રાહકોને અભિનંદન અને શુભેચ્છા પાઠવું છું.

પંચશીલની આ લાંબી યાત્રા દરમિયાન બેંકે ઘણા ચડાવ ઉતાર જોયા પરંતુ આ બધી પરિસ્થિતિમાં પણ બેંકે સુચારૂં સંચાલન અને સક્ષમ વહીવટને કારણે ધીમી પણ સ્થિર પ્રગતિ કરતી રહી/કરી રહી છે જેનો આનંદ છે.

સહકાર ક્ષેત્રના વિકાસ સાથે સબ કા સાથ, સબ કા પ્રયાસ, સબ કા વિશ્વાસ સાથે, સબ કા વિકાસના મંત્રને પંચશીલે મૂર્તિમંત કર્યો છે.

પંચશીલ બેંકે કદાચ પ્રગતિ ધીમી કરી હશે પરંતુ જે સામાન્ય લોકો તેની સાથે જોડાયા તેમના જીવનમાં પરિવર્તન લાવવાનો પ્રયાસ જરૂર કર્યો છે અને તેમાં સફળતા પણ મેળવી છે વ્યક્તિગત રીતે રાજકીય કાર્ય શરૂ કર્યું ત્યારથી સતત શ્રી પ્રવીણભાઈ નાયક જેવા અનુભવી કર્મઠ કાર્યકર્તાનું માર્ગદર્શન મળતું રહ્યું છે આનંદની વાત એ છે કે પંચશીલમાં પણ સાથી ડિરેક્ટર તરીકે તેમનું સતત માર્ગદર્શન મળતું રહ્યું છે જે પંચશીલના વિકાસ સાથે વ્યક્તિગત રીતે પણ ફાયદાકારક રહ્યું છે.

આજે સહકાર ક્ષેત્રને ઉન્નત કરવાના પ્રયાસ પ્રધાનમંત્રીશ્રી મા. નરેન્દ્રભાઈ મોદીએ નવું મંત્રાલય બનાવીને સામાન્ય માનવીના વિકાસ અને જરૂરતને સીધો સ્પર્શ કરવાનો પ્રયાસ કરી એની ધુરા મા. શ્રી અમિતભાઈ શાહ જેવા અનુભવી નેતૃત્વને સોંપી છે અને ત્યારબાદ મા. શ્રી અમિતભાઈ શાહ ના પ્રયાસથી સહકારી ક્ષેત્ર વધુ ને વધુ નવા આયામોને સ્વીકારી પ્રગતિના પંથે છે ત્યારે પંચશીલ પણ આ પરિસ્થિતિમાં ઉત્તરોત્તર પ્રગતિ કરે અને સહકાર ના ઉદેશ્યને પૂર્ણ કરવા પ્રગતિમાન બને એવી શુભેચ્છા તમામ સાથી ડિરેક્ટરશ્રીઓ, સાથી કર્મચારીગણ, શેર હોલ્ડરો, ગ્રાહકો તમામને ફરી એક વાર અભિનંદન અને શુભેચ્છા.

Darshana Jardosh.
(દર્શના જરદોશ)

Ministry of Railways : Room No. 242, Rail Bhawan, New Delhi-110001, Phone : 011-23388190, 23382490, Fax : 011-23383668, Email : mos-railways@gov.in
Ministry of Textiles : Room No. 129, D Wing, Udyog Bhawan, New Delhi-110011, Phone : 011-23061385, 23063779, Fax : 011-23061575, E-mail : mos-textiles@gov.in
Constituency Office : 13/8-18, Surat Lok Sabha Jansampark Karyalay, Near New Court, Athwalines, Surat-395007 (Gujarat), Phone : 0261-2664488

## ગુજરાત પ્રાંતના
## રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના પ્રાંત સંઘસંચાલકજી
## મા. ભરતભાઈ પટેલનો

# શુભેચ્છા સંદેશ



શ્રી મયુરભાઈ ચૌહાણ
ચેરમેનશ્રી,
ધી પંચશીલ મર્કન્ટાઈલ કો-ઓ. બેંક લી.
સુરત.

ધી પંચશીલ મર્કન્ટાઈલ કો-ઓપરેટીવ બેન્ક લી. સુરત, એના સુવર્ણજયંતિ વર્ષ પ્રસંગે સ્મૃતિગ્રંથ પ્રસિદ્ધ કરનાર છે તે જાણી આનંદ થયો.

આજે જ્યારે આર્થિક જગત નફાને કેન્દ્રમાં રાખી પ્રવૃત્ત છે ત્યારે ભારતીય આર્થિક મૂલ્યોના આધારે સહકારી ધોરણે નાના અને મધ્યમ વર્ગના વ્યકિતઓના જીવનને ઋણ સહાય દ્વારા ઉન્નત કરવાના આશયથી આ બેન્ક કાર્ય કરી રહી છે, તે ધન્યવાદને પાત્ર છે.

સુવર્ણ જયંતિના સીમાચિન્હને પાર કરીને આપ સહુના આ સામાજીક આર્થિક પુણ્યયજ્ઞનો વ્યાપ વિસ્તરશે એવી શુભેચ્છા વ્યકત કરું છું.

**ભરત પટેલ**
ગાંધીનગર.

**જગદીશ વિશ્વકર્મા**

ક્રમાંક: રા.ક.મં./સ.મી.ઉ.છા.પ્રો.લ.સૂ.મ.ઉ.કુ.ખા.ગ્રા.ના.ઉ./1506/2024

**રાજ્યકક્ષાના મંત્રી,**
**સહકાર, મીઠા ઉદ્યોગ, છાપકામ અને લેખનસામગ્રી,**
**પ્રોટોકોલ** (સ્વતંત્ર હવાલો)
**લઘુ, સૂક્ષ્મ અને મધ્યમ ઉદ્યોગ, કુટિર, ખાદી અને ગ્રામોદ્યોગ, નાગરિક ઉડ્ડયન** (રાજ્યકક્ષા)
**ગુજરાત સરકાર**
સ્વર્ણિમ સંકુલ-૨, પહેલો માળ, સરદાર ભવન,
સચિવાલય, ગાંધીનગર-૩૮૨૦૧૦

તારીખ : 18/01/2024

**શુભેચ્છા સંદેશ**

**સ્નેહીશ્રી,**

સહકારી આંદોલનને વેગ આપવા ભારતના લોકલાડીલા વડાપ્રધાન **શ્રી નરેન્દ્રભાઈ મોદી**ના નેતૃત્વમાં સહકાર મંત્રાલયની રચના કરવામાં આવી છે અને મંત્રાલયની કમાન **શ્રી અમિતભાઈ શાહ**ને સોંપવામાં આવી છે. દેશમાં સહકારી ચળવળને મજબૂત કરવા માટે એક અલગ વહીવટી, કાનૂની અને નીતિગત માળખું પૂરું પાડવું, સહકારી સંસ્થાઓને પાયાના સ્તર સુધી પહોંચતા લોકો આધારિત ચળવળ તરીકે સહકાર આપવા અને સહકાર માટે **'વેપારમાં સરળતા'** અને **'સહકાર થી સમૃદ્ધિ'** એ મુખ્ય મંત્ર છે. પ્રધાન મંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના **"સબકા સાથ, સબકા વિકાસ"**ના સ્વપ્નને સાકાર કરવા આપણા લોકલાડીલા **મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ** હરહંમેશ ચિંતા કરતા રહ્યા છે ત્યારે મંડળી સાથે સંકળાયેલા આગેવાન મહાનુભાવો અને ટીમ દ્વારા કરવામાં આવતી કામગીરી આવકાર્ય છે. આ સહકારી ચળવળને વધુ વેગ મળે તેવી દિશામાં કામ કરતાં સહકાર ક્ષેત્રના તમામ આગેવાન મિત્રોને અભિનંદન પાઠવું છું.

**પંચશીલ મર્કન્ટાઈલ કો.ઓપરેટીવ બેંક લી.**ના 50 વર્ષ પૂર્ણ કરી 51માં વર્ષમાં પ્રવેશ કરવા જઈ રહી છે તે જ આપનો સુદ્રઢ અને પારદર્શક વહીવટ દર્શાવે છે. લોકોનો વિશ્વાસ સહકારીતા પર વધ્યો છે. હજુ વધુ લોકો સહકારીતા ક્ષેત્રે જોડાય તેવી શુભકામનાઓ. બેંક સાથે વધુમાં વધુ લોકો જોડાય તેવી પુનઃ અંતઃકરણથી શુભેચ્છાઓ સાથે અભિનંદન પાઠવું છું.

**સૌની કુશળતા ઈચ્છું છું.**

આપનો,

(જગદીશ)

**પ્રતિ,**
**શ્રી મયુરભાઈ ચૌહાણ,**
ચેરમેનશ્રી, પંચશીલ મર્કન્ટાઈલ કો.ઓપરેટીવ બેંક લી.,
બેલ્જીયમ ટાવર, સીલ્વર પ્લાઝા કોમ્પ્લેક્ષ,
નિરંજન મીલ કમ્પાઉન્ડ, રીંગ રોડ, સુરત-395003.

**JYOTINDRA MEHTA**
PRESIDENT

NAFCUB

75 आज़ादी का अमृत महोत्सव

તા : 15 જુલાઈ 2023

પ્રતિ,
ચેરમેનશ્રી,
ધી પચશીલ મર્કન્ટાઈલ કો-ઓપ. બેંક લિ.
બેલ્જિયમ ટાવર, સિલ્વર પ્લાઝા કોમ્પ્લેક્સ, નિરંજન મિલ કમ્પાઉન્ડ, રિંગ રોડ,
સુરત – 395 003

સ્નેહી શ્રી મયૂરભાઈ, સ્નેહી શ્રી સુરેશભાઈ તથા સમસ્ત બોર્ડ સદસ્યગણ,

નમસ્તે.

આપની બેંકના સુવર્ણ જયંતી વર્ષમાં પ્રવેશના સમાચાર જાણી મને અતીવ પ્રસન્નતા થઇ છે.

કોઈ પણ સહકારી બેંકનું અસ્તિત્વ પાંચ દાયકા વટાવે તે, બેંકની દીર્ઘકાલીન સફળતા અને સેવાની સાર્થકતાનું સૂચક છે. આપ સહુને આ સીમાચિહ્ન વટાવવા બદલ અંતરતમ અભિનંદન. પચાસ વર્ષની આ સફળતાની ગાથા આપના પર ગ્રાહકો અને શેરહોલ્ડર્સનો અતૂટ વિશ્વાસ દર્શાવે છે.

આપની બેંકના બોર્ડમાં ભૂતકાળમાં શ્રી ફકીરભાઈ ચૌહાણ, સ્વ. ચંપકભાઈ સુખડિયા, સ્વ. હેમંતભાઈ ચપટવાળા સ્વ. કિશોરભાઈ વાંકાવાળા અને ડૉ. કનુભાઈ માવાની સરખી વિભૂતિઓનું માર્ગદર્શન પ્રાપ્ત થયું છે, તે જાણવું ગમે તેવી બાબત છે. હાલના બોર્ડમાં શ્રી પ્રવીણભાઈ નાયક, શ્રીમતી દર્શનાબેન જરદોશ, શ્રી અજયકુમાર ચોકસી, શ્રી રણજીતભાઈ ગિલીટવાળા, શ્રી અરવિંદભાઈ રાણા, શ્રી નાથુભાઈ સોસા અને શ્રી વજુભાઈ માવાણી જેવાં મહાનુભાવોની સેવા અને દોરવણી મળી રહેલ છે, ત્યારે આ બેંકના ઉજ્જવળ ભાવી વિષે ચિંતાનું કોઈ કારણ ન હોઈ શકે.

ધી પંચશીલ મર્કન્ટાઈલ કો-ઓપ. બેંક લિ. ની પ્રગતિ અને વિકાસ દિન-પ્રતિદિન, પ્રતિવર્ષ ઉત્તરોત્તર નવી ઉંચાઈ આંબતી રહે તેવી મારી હાર્દિક મંગલકામનાઓ.

ભવદીય

(જ્યોતીન્દ્ર મહેતા)

**NATIONAL FEDERATION OF URBAN COOPERATIVE BANKS AND CREDIT SOCIETIES LTD.**
B-14, 3rd Floor, A-Block Shopping Complex, Naraina Vihar, Ring Road, New Delhi-110028, India
Telephone 011 25771170, 25770108, Mob. +91 9427613701 E-mail : nafcub.jyotindramehta@gmail.com, coop@nafcub.org

‘‘સહકાર સે સમૃદ્ધિ’’

# 50 ધી પંચશીલ મર્કન્ટાઈલ કો-ઓ. બેંક લીમીટેડ 50


सत्यमेव जयते

**DILEEP SANGHANI**

M.P. (10th Loksabha)

No. C/N&A/

Ex. Minister of Agriculture Co-operation,
Animal Husbandry, Fisheries, Cow-breeding,
Prison, Law & Justice, Legislative and
Parliamentary Affairs
Government of Gujarat


Date **28-12-2023**

## संदेश

आप सभी जानते है कि इस वर्ष द पंचशील मर्कैटाइल कोऑपरेटिव बैंक, सूरत स्वर्ण जयंती वर्ष मनाने जा रहा है। द पंचशील मर्कैटाइल कोऑपरेटिव बैंक को 1 अक्तूबर, 1973 को रजिस्ट्रार कार्यालय में पंजीकृत किया गया था।

शुरुआती दौर में कई उतार चढ़ाव देखने के बाद, 1980-81 के दौरान RSS के तत्कालीन प्रांत प्रचारक श्री केशवराव देशमुखजी की प्रेरणा और नेतृत्व से कई राष्ट्रवादी सामाजिक कार्यकर्ताओं ने बैंक को स्थिर करने और लाभदायक बनाने का चुनौतीपूर्ण कार्य किया। उनका उद्देश्य निम्न श्रमिक वर्ग के लोगों की मौद्रिक आवश्यकताओं को पूरा करना था।

आज भारत का सहकारिता आंदोलन विश्व का सबसे बड़ा सहकारिता आंदोलन बन गया है तथा दूरदर्शी विचारधारा के हमारे प्रधानमंत्री माननीय श्री नरेंद्रभाई मोदी जी द्वारा दिए गए नारे ***"सहकार से समृद्धि"*** को साकार करने के लिए श्री अमितभाई शाह जी के कुशल नेतृत्व में सहकारिता मंत्रालय का गठन किया गया है। आज शायद ही कोई ऐसा क्षेत्र हो जिसमें सहकारिताओं ने अपनी सफलता का परचम न फहराया हो और उन सभी क्षेत्रों में बैंकिंग क्षेत्र एक महत्वपूर्ण क्षेत्र है क्योंकि इस क्षेत्र के विकिसित होने से सभी सहकारी संस्थाओं को लाभ पहुंचता है।

आज सहकारिताओं में युवा वर्ग की बढ़ती हुई भागीदारी सहकारिताओं के उज्ज्वल भविष्य की द्योतक है इसलिए युवा वर्ग को सहकारिता क्षेत्र से जोड़ने के लिए सभी सहकारी समितियों/बैंकों को मिल-जुल कर प्रयास करना चाहिए। द पंचशील मर्कैटाइल कोऑपरेटिव बैंक, सूरत के स्वर्ण जयंती दिवस के अवसर पर इसका संदेश हमें जन-जन तक पहुँचाना चाहिए।

मैं द पंचशील मर्कैटाइल कोऑपरेटिव बैंक, सूरत के स्वर्ण जयंती के अवसर पर बैंक के निदेशक मंडल और कर्मचारी बंधू भगिनियों को बहुत-बहुत बधाई देता हूँ।

पुनः शुभकामनाए,

भवदीय,

(दिलीप संघाणी)

अध्यक्ष, NCUI & IFFCO

प्रतिष्ठामें,

श्री मधुभाई चौहान,

अध्यक्ष, द पंचशील मर्कैटाइल को.ऑ. बैंक ली., सूरत. (गुजरात)


**Office : Gujcomasol** - Shri Tribhuvandas Patel Sahakar Bhavan, Plot No. A/7, G.I.D.C. Electronics Estate, Sector-25, Gandhinagar-382024, Gujarat (INDIA) • Tel: 079-26407601, 26407609 - 12 • Fax: 079-26407613

**Mob. :** +91 94266 22929, 90810 22929

**Permanent Address :** Sukhnath Para, Liliya Road, Amreli, Gujarat. • Phone : 02792-223625 / 222739 • Fax : 02792-223523

**Present Address :** Plot No. 280/A, Sector 1/C, Gandhinagar, (Gujarat) India. • Whatsapp : +91 94272 18595

**E-mail:** info@gujcomasol.com, d.n.sanghani@gmail.com

ATUL KHIRWADKAR
CHIEF EXECUTIVE OFFICER

NUCFDC
NATIONAL URBAN CO-OPERATIVE FINANCE AND DEVELOPMENT CORPORATION LTD.
CIN: U65990DL2020PLC363322

## || शुभ संदेश ||

दि. २२ दिसंबर, २०२३



प्रति,
मा. अध्यक्ष
दि पंचशील मर्कंटाईल को-ऑपरेटिव्ह बैंक
सूरत ३९५००३

महोदय,
मै ये जानता हू के दि पंचशील मर्कंटाईल को-ऑपरेटिव्ह बैंक अपना सुवर्ण महोत्सव मना रहा है।

यह बैंक उत्तम प्रति की सेवा एवं ग्राहकों के प्रति संमान के लिये जानी जाती है। मुझे यह जानकर बेहद खुशी है कि, नागरिक सहकारी बैंकों के सुची में छोटे एवम जरूरतमंद लोगों को उच्चतम सेवा प्रदान करने वाली बैंकों में प्रसिद्धि प्राप्त करनेवाली दि पंचशील मर्कंटाईल को-ऑपरेटिव्ह बैंक अपनी स्थापना के ५० वर्ष पूर्ण होने के अवसर पर स्मरणिका का प्रकाशन करने जा रही है।

इस अवसर पर बैंक के सभी संचालक, कर्मचारी एवं पदाधिकारीयों को अपनी शुभकामनाये प्रेषित करते हुए स्मरणिका के सफल प्रकाशन की कामना करता हूं।

आपका,

अतुल खिरवडकर
मुख्य कार्यकारी अधिकारी

Regd. office:
B-14, 3rd Floor, A-Block Shopping Complex, Naraina Vihar, New Delhi-110028
Contact Details : 011-25770108, 25771170
E-mail : ceo.nucfdc@gmail.com

"સહકાર સે સમૃદ્ધિ"

# ધી પંચશીલ મર્કન્ટાઈલ કો-ઓ. બેંક લીમીટેડ

Ajaybhai H. Patel
Chairman

The Gujarat State Co-op. Bank Ltd.
(Scheduled Apex Bank)

"Sardar Vallabhbhai Patel Sahakar Bhavan"
Nr. Shastrinagar BRTS Bus Stand, Ankur Road,
Naranpura, Ahmedabad-380 013.
Phone: 079-27459009, 27459000 • Fax: 079-27459901
E-mail: customercare@gscbank.coop • Website: www.gscbank.co.in
Chairman : Ahmedabad Dist. Co. Operative Bank Ltd.
Residence: 45, Sardar Patel Nagar Society, C. G. Road,
B/h. Telephone Exchange, Navrangpura, Ahmedabad-380 006.

સી.એચ/૬૫/3 તારીખ:૧૨/૦૧/૨૦૨૪

## ::શુભેચ્છા સંદેશ::

સ્નેહીશ્રી મયુરભાઈ,

કુશળ હશો.

ધી પંચશીલ મર્કન્ટાઇલ કો-ઓપરેટીવ બેંક લિ. દ્વારા તેની યશસ્વી કારકિર્દીના ૫૦ વર્ષની યશગાથાની સરાહના કરવા "સુવર્ણ જયંતી વર્ષ" ની ઉજવણી કરી રહી છે ત્યારે હું આનંદની લાગણી સાથે આપના તમામ બોર્ડ ઓફ ડિરેક્ટર્સને અભિનંદન પાઠવું છું.

આ બેંક સુરતના સંઘ પરિવાર દ્વારા સંચાલિત બેંક છે જે ૧૯૭૩થી કાર્યરત છે. જે તે સમયે તત્કાલિન પ્રાંત પ્રચારકજી સ્વ દેશમુખજીની પ્રેરણાથી કાર્યરત બેંક તરીકે હસ્તગત અને સ્થપાયેલ છે.

બેન્કના ભૂતકાળના બોર્ડમાં ઘણા રાજકીય તથા સ્થાનિક સહકારી આગેવાનો બેન્કની પ્રગતિ માટે સંકલ્પબધ્ધ તથા પ્રતિબધ્ધ હતા તથા બેન્કના હાલના બોર્ડમાં પણ અનેક રાજકીય અને સ્થાનિક સહકારી આગેવાનો દ્વારા માર્ગદર્શન પૂરું પાડવામાં આવી રહ્યું છે. આ દરેક આગેવાનો બેંકની પ્રગતિમાં મદદરૂપ થયેલ છે.

ગત ૫૦ વર્ષોમાં બેંક દ્વારા સહકારના સિધ્ધાંતને નજર સમક્ષ રાખી નાના અને મધ્યમવર્ગીય વ્યક્તિઓને આર્થિક સ્તરે લોનના મધ્યમથી સમાજમાં સ્થિર થાય તેવા આશયથી કાર્ય કરી રહ્યા છે.

સંસ્થાની "સુવર્ણ જયંતી વર્ષ" ની ઉજવણીની સાથે સોવેનિયરની પ્રસિદ્ધિની સફળતા માટે મારી ખુબ શુભેચ્છાઓ છે અને આ પ્રસંગે આપની સંસ્થાના તમામ સહકારી આગેવાનો અને આયોજકોને મારા હાર્દિક અભિનંદન પાઠવું છું તથા શુભકામના સહ આપનો "સુવર્ણ જયંતી વર્ષ" સફળ બની રહે તેવી શુભેચ્છા પાઠવું છું.

આપનો સહકારી

(અજયભાઈ એચ. પટેલ)
ચેરમેન

પ્રતિ,
શ્રી મયુરભાઈ એસ. ચૌહાણ
ચેરમેનશ્રી,
ધી પંચશીલ મર્કન્ટાઇલ કો-ઓપરેટીવ બેંક લિ.
બેલ્જિયમ ટાવર, સિલ્વર પ્લાઝા કોમ્પ્લેક્ષ, રીંગ રોડ સુરત - ૩૯૫૦૦૩

(Reg. No. Se-38504 of 2008)

Estd.23-10-2008

*SURAT* 'SCOBA'

THE SOUTH GUJARAT
CO-OPERATIVE BANKS' ASSOCIATION LTD.

# 'SCOBA'

BOARD OF DIRECTORS

OFFICE-BEARERS

GAUTAM U. VYAS
(Advocate & Notary)
President

MUKESH N. GAJJAR
Imm. Past President

DEVANG P. CHOKSI
First Vice President

KANJIBHAI R. BHALALA
Second Vice President

NAYAN N. BHARATIA
Hon. Secretary

GOPAL M. GOHIL
Hon. Joint Secretary

MAYUR S. CHAUHAN
(Advocate & Notary)
Hon. Joint Secretary

KAUSHIK S. DALAL
(Advocate)
Hon. Treasurer

Dr. (Smt.) JAYNA B. BHAKTA
Convener, Ladies Wing

DIRECTORS

AMIT D. GAJJAR

ANAND G. BAKSHI

NIRMAL V. VAKHARIA

JITENDRA K. DESAI

KIRIT S. PATEL

(SMT) PARVATI M. SAGATHIA

CO-OPTED DIRECTORS

SHARAD C. KAPADIA

KAMLESH M. PATEL
(Advocate & Notary)

MANAGER (EVENTS)
AJIT I. PAREKH
M : 99788 02715

ASSISTANT MANAGER
BIJAL H. PAREKH
M : 95375 33805

૧૬મી ડિસેમ્બર, ૨૦૨૩



મા. શ્રી મયૂરભાઈ ચૌહાણ
ચેરમેનશ્રી
ધી પંચશીલ મર્કન્ટાઈલ કો-ઓપ. બેન્ક લિ.
રિંગ રોડ, સુરત

સુજ્ઞ મહાશય

**<u>શુભ સંદેશ</u>**

દક્ષિણ ગુજરાતની એક અગ્રગણ્ય સહકારી બેન્કની ગણનાપાત્ર આપની ધી પંચશીલ મર્કન્ટાઈલ કો-ઓપ. બેન્ક લિ. સુવર્ણ જયંતિ વર્ષમાં પ્રવેશી ચૂકી છે. એ યાદગાર પ્રસંગે ભવ્ય ઉજવણીના ભાગ રૂપે દળદાર સ્મૃતિ ગ્રંથ પ્રગટ કરી રહ્યા છો એનો અનેરો આનંદ અનુભવી રહ્યો છું. આ પુસ્તક થકી આપની બેન્ક વિષે રસપ્રદ માહિતી મેળવવાની સોનેરી તક મળશે.

બેન્કની નીવમાં શરુઆતથી જ તત્કાલીન પ્રાંત પ્રચારકજી (સ્વ.) દેશમુખજીના શુભ આશિષ ધબરાયેલા છે તેમજ પ્રારંભથી જ સુસંચાલનના માંધાતાઓ તથા જાહેર ક્ષેત્રના શીરમોર કાર્યકર્તાઓ- સર્વશ્રી ફકીરભાઈ ચૌહાણ, ચંપકભાઈ સુખડીયા, હેમંતભાઈ ચપટવાલા, કિશોરભાઈ વાંકાવાલા, ડૉ. કનુભાઈ માવાણી, પ્રવીણભાઈ નાયક, અજયભાઈ ચોક્સી, શ્રીમતી દર્શનાબેન જરદોશ, વિ. નું સટિક માર્ગદર્શન મળી રહેવાથી આપની બેન્કે પચાસ વર્ષ સફળતા પૂર્વક પૂરાં કર્યાં છે, એ નિર્વિવાદ છે. બેન્કની અવિરત પ્રગતિ માટે આ મહાનુભાવોના સન્નિષ્ઠ પ્રયાસોને બિરદાવવાનો આજનો આ અવસર આપણે નજરઅંદાજ ન કરીએ એવી લાગણી અત્રે શેર કરું છું.

આપની બેન્ક હજુ પણ ઉચ્ચતમ ઉન્નતિનાં શિખરો હાંસલ કરે એવી શુભેચ્છા પાઠવું છું.

આપનો વિશ્વાસુ

Sd/-
(ગૌતમ યુ. વ્યાસ)
પ્રમુખ, સ્કોબા તથા ડિરેક્ટર, ગુજકેડ તેમજ નાફકબ

SECRETARIAT : 'SPB BHAVAN' - PRIME BANKING TRAINING CENTRE, 2nd Floor, Ru-Bhavan Building, Above Surat District Co-op. Bank Ltd., Lal Darwaja - Station Road, Surat - 395 003. (Gujarat - India) | Telefax : 91 (0261) 2426777 | E-mail : scobasurat@gmail.com

# પંચશીલ મર્કન્ટાઈલ કો-ઓપરેટીવ બેંક લી.ના પ્રેરણાસ્ત્રોત સંઘ પ્રચારક

## સ્વ. કેશવરાવ દેશમુખજી



૧૯૨૫ના વર્ષથી એટલે કે જે સંસ્થાની સ્થાપનાને ૨૦૨૫માં ૧૦૦ વર્ષ પૂર્ણ થનાર છે દુનિયાનું શ્રેષ્ઠ અને સ્વયંસંચાલિત રાષ્ટ્રભકત સંગઠન એટલે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ. રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ ૧૯૨૫માં સ્થપાયેલું વ્યકિતનિર્માણના કાર્યમાં અથાક પ્રકારે ''ચરૈવેતિ ચરૈવેતિ'' ના માર્ગે ચાલતું એક મૂક આંદોલન છે. માણસ માણસ બને તો ઘણું ના મંત્રને સાકર કરવામાં કાર્ય કરતું સંગઠન એટલે સંઘ. જેનું સંઘના અનેક ગીતોમાંનું એક છે કે

**'દશોં દિશાઓં મેં જાયે દલબાદલ સે છા જાએ,**

**ઉમડ ઘુમડ કર ઈસ ધરતી કો નંદનવન સા મહેકાએ'**

આ મંત્રને સાકાર કરવા સંઘના લાખો કાર્યતાઓએ સમાજની એકતા અખંડિતતાને જાળવી રાખવા સમાજમાં રાષ્ટ્રભકિતની ભાવનાને જીવંત બનાવવા સાથે લાખો લોકોને એમના જીવનને નવી દિશા આપવા 'રાષ્ટ્રાય સ્વાહા ઈદં રાષ્ટ્રાય ઈદં ન મમ' પોતાના જીવનની આહુતિ મંત્ર સાથે આપી દીધી. લાખો કાર્યકર્તાઓએ પોતાના માન અપમાન સુવિધાની પરવા ન કરતા ઘરબાર છોડીને જયાં સંઘની, સંઘના કામની આવશ્યકતા હોય ત્યાં ઘરબાર છોડી પારકી ભૂમિને પોતાની બનાવી સંઘ કાર્યને ઊભું કર્યું. સંગઠન ઊભું કર્યું સાથે સાથે સમાજમાં નવા ઉપક્રમ ઊભા કરી સ્થાનિક લોકોના જીવનને એમની આવશ્યકતા અનુસાર પ્રકલ્પ દ્વારા નંદનવન બનાવવાનો પ્રયત્ન કર્યો. ધી પંચશીલ મર્કન્ટાઈલ કો-ઓપરેટીવ બેંકમાં સંઘવિચારના કાર્યકર્તાઓ જોડાયા એ પહેલા સુરતમાં કદાચ સહકારી ક્ષેત્રમાં સંઘવિચારધારાનું કોઈ નામ કે કામ હતું નહીં. ધી પંચશીલ મર્કન્ટાઈલ કો-ઓપ. બેંક લી. ના કામને આગળ વધારવા અને એ બેંકમાં સંઘવિચાર પરિવારના નિષ્ઠાવાન કાર્યકતાઓ જોડાય એ માટે તત્કાલિન પ્રાંત પ્રચારક એવા સ્વ. કેશવરાવ દેશમુખજીનું પ્રેરકબળ કામ કરી ગયું.

કોણ હતા કેશવરાવ દેશમુખ, પ્રાંત પ્રચારકજી એટલે સમગ્ર ગુજરાત રાજયના સંઘ અને સંઘવિચારથી ચાલતા અનેક સંગઠનો અને પ્રકલ્પોના માર્ગદર્શક. સંઘકાર્યમાં પ્રાંત પ્રચારક એ ખૂબ મહત્વનું સ્થાન ધરાવે છે. એમની પ્રાથમિકતા એટલે ગુજરાતમાં સંઘના કાર્યને અને





વિચારમાંથી પ્રેરણા લઈ ચાલતા પ્રકલ્પોને મજબૂતી બક્ષવી અને સર્વપ્રકાર, સર્વસમાજ, સર્વસ્તરના લોકો સુધી એ કામને પહોંચાડતા રાષ્ટ્રનો વિચાર અને વ્યવહારને મજબૂત બનાવવો. દેશમુખજીની વિચારપદ્ધતિ અને કાર્યપદ્ધતિ વિલક્ષણ હતી એમનો આગ્રહ હતો કે, સંઘ સમાજમાં અલગ ટાપૂ બની ને ન રહે પરંતુ સંઘ સમાજજીવનનો ભાગીદાર બને, સંઘ અને સમાજ એકરસ બને, સમરસ બને. એમનું વ્યકિતત્વ ગતીશીલ અને કતૃત્વ કર્મશીલ હતું.

દૂરંદેશીપૂર્ણ વિચાર સાથે હંમેશા સમાજ જીવનને જ પોતાનું સમગ્ર જીવન સમર્પિત કરનારા દેશમુખજીએ અનેક એવા કાર્યકર્તાઓનું ઘડતર કર્યું કે જેઓ જે તે સમયે સમાજ જીવનમાં ખૂબ મોટા પદો પર વિરાજમાન થયા સાથે સાથે એવી સંસ્થાઓ પણ ઊભી કરી જે સંસ્થાઓએ ફકત સામાન્ય માનવીને કેન્દ્રમાં રાખી કામો કર્યા ધી પંચશીલ મર્કન્ટાઈલ કો-ઓપરેટીવ બેંક લી.એ મા. દેશમુખજી દ્વારા રાખવામાં આવેલ આગ્રહને કારણે ઊભી થયેલી સંસ્થા છે. જેણે નામ અને યશ ન મેળવતા પોતાના ઉદ્દેશ્ય અને કામને પ્રાધાન્ય આપી વિકાસ કર્યો પણ ફકત પોતાનો વિકાસ ન કરતા સમાજના સામાન્ય માનવી ને કેન્દ્રસ્થાને રાખીને પોતાની શાખ ઊભી કરી.

**ધી પંચશીલ મર્કન્ટાઈલ કો-ઓપરેટીવ બેંક લી. માં રાષ્ટ્રિય સ્વયંસેવક સંઘના તત્કાલીન પ્રાંત પ્રચારક સ્વ. કેશવરાવ દેશમુખજીની પ્રેરક ભૂમિકા :**

- સને ૧૯૭૪ દરમ્યાન રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના ગુજરાત પ્રાંતના પ્રચારક સ્વ. શ્રી કેશવરાવ દેશમુખજી હતા.
- સુરત વિભાગનું કામ કરતાં કરતાં તેઓના ધ્યાનમાં એ બાબત આવી કે સુરતમાં જમીની સ્તરનાં નાના લોકોને બેંકીંગ સેવા તથા નાની મોટી આર્થિક જરૂરિયાત સંતોષવામાં ઘણી તકલીફ પડતી હતી.
- તે સમયે પણ સુરતના તળ વિસ્તારોમાં વ્યાજખોરીનું દૂષણ પ્રવર્તી રહ્યું હતું અને નાના લોકોના આવકના નાના સ્ત્રોત હોવાને કારણે વ્યાજખોરો મનફાવે તેમ તેમનું આર્થિક શોષણ કરતા હતા.
- આવી સ્થિતિને નિવારવા માટે સમાજના નાના લોકોને એક સહકારી બેંક કે જે તેમની નાની મોટી જરૂરિયાતો સંતોષવા તથા નાના મોટા ધંધા રોજગાર કરવા માટે લોન આપે તથા તેઓને સહકારી ભાવનાથી સારી બેંકીંગ સેવાનો લાભ મળે તે માટે સહકારની ભાવનાથી પ્રેરિત હોય તેવી નાગરીક સહકારી કો-ઓપરેટીવ બેંકની જરૂરિયાત જણાતી હતી.

- તે સમયે પહેલાથી ધી પંચશીલ મર્કન્ટાઈલ કો-ઓપરેટીવ બેંક લી. કાર્યરત હતી જ, પરંતુ જે તે સમયે પંચશીલ બેંકને અસરકારક નેતૃત્વ અને સેવાભાવનાનો અભાવ હોવાને કારણે બેંક સમાજના નાના લોકોની બેંકીંગ સેવાની જરૂરિયાત સંતોષવામાં નોંધપાત્ર યોગદાન આપી શકતી ન હતી.
- વળી તે સમયે બેંકને રીઝર્વ બેંકની નોટીસ મળી ચૂકી હતી. ઓડીટ-રીપોર્ટ, રોકડની સ્થિતિ પણ ખરાબ હતી.
- તે સમયે સ્વ. શ્રી હેમંતભાઈ ચપટવાળાા બેંકમાં ડીરેકટર હતા. તેમણે આ સ્થિતિથી મા. દેશમુખજીને વાકેફ કર્યા.
- મા. દેશમુખજીએ સુરતના સંઘના કાર્યકર્તાઓ અને રાજકીય આગેવાનો જેવા કે, શ્રી ચંપકભાઈ સુખડીયા, શ્રી કાંતિભાઈ વ્યાસ, શ્રી હેમંતભાઈ ચપવાળા, શ્રી ફકીરભાઈ ચૌહાણ, શ્રી પ્રવિણચંદ્ર નાયક જેવા કાર્યકર્તાઓને બોલાવી બેંકની આર્થિક અને કાયદાકીય સ્થિતિનો અભ્યાસ કરી વિચાર કરવા સૂચના આપી.
- રીપોર્ટ, ઓડીટ રીપોર્ટ, આર.બી.આઈ.ની નોટિસ વિગેરેના અભ્યાસ બાદ ફરી મળ્યા ત્યારે કેટલાક કાર્યકર્તાઓનું માનવું હતું કે આ તો જેલમાં જવાની સ્થિતિ છે. મા. દેશમુખજીએ કહ્યું કે જો જેલમાં જવું પડે તો પણ આપણે દક્ષિણ ગુજરાતમાં સહકારી ક્ષેત્રે કામ ઊભું કરવા માટે આ બેંકને હસ્તગત કરવી જોઈએ.
- ત્યારે સંઘ વિચાર પ્રેરીત કોઈ સહકારી સંસ્થા દક્ષિણ ગુજરાતમાં નહોતી.
- સંગઠીત પ્રયત્ન શરૂ થયા એમણે અમદાવાદ ખાતેથી જે કંઈ જરૂરી હતું સરકારી સ્તરે કે આર.બી.આઈ. ના સ્તરે, સંપર્કો જીવંત કરવામાં મદદ કરી.
- રાજકોટના સ્વ. શ્રી અરવિંદભાઈ મણીયારને સૂચના આપી પરિણામે પંચશીલના પ્રશ્ને એમના દ્વારા માર્ગદર્શન અને સહાયતા મળવા માંડી.
- સંઘ અને અન્ય સંસ્થાના કાર્યકર્તાઓ સભ્ય બનાવવા અને શેર હોલ્ડરની સંખ્યા વધારવામાં કામે લાગ્યા.
- શરૂઆતમાં જૂના ડીરેકટરો બોર્ડમાં એક કાર્યકર્તાને લેવા સંમત થયા.
- પણ ચૂંટણી થતાં ધીમે ધીમે આપણા વિચારનું પ્રભુત્વ વધતુ ગયું. અને આમ ધી પંચશીલ મર્કન્ટાઈલ કો-ઓપરેટીવ બેંક સંઘ વિચાર સાથે કાર્યરત પ્રથમ બેંક બની.
- આજે પણ ધી પંચશીલ મર્કન્ટાઈલ કો-ઓપરેટીવ બેંક એ જ માર્ગે ચાલી રહી છે.





# પંચશીલ બેંકના પાયાના શિલ્પીઓ

## કાંતિભાઈ વ્યાસ



ધી પંચશીલ મર્કન્ટાઈલ કો-ઓપરેટીવ બેંક લીમીટેડની વાત કરવી હોય તો એની શરૂઆત એવી રીતે થઈ હતી કે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ દ્વારા ૧૯૭૧ નો સંઘર્ષકાળ જ્યારે ગુજરાતમાં ખૂણે ખૂણે કામ પહોંચી ચૂકયું હતું અને ધીરે ધીરે સંઘના કાર્યથી લોકો પરિચિત થતા જતા હતા. તેવા સમયે ખાસ કરીને સોરાષ્ટ્રમાં રાજકોટ નાગરિક બેંક તેમજ ઉત્તર ગુજરાતના પણ ઘણા ક્ષેત્રોમાં કોઈને કોઈ સહકારી કે સેવા કાર્યો શરૂ કરવામાં આવ્યા હતા, તેના પરિણામો દેખાઈ રહ્યા હતા. ખાસ કરીને રાજકોટમાં સ્વ. શ્રી અરવિંદભાઈ મણિયારના પ્રયાસોથી રાજકોટ નાગરિકે નામ કાઢયું હતું. તેથી રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના તત્કાલીન પ્રાંત પ્રચારકજી સ્વ. કેશવરાવજી દેશમુખ દ્વારા એવો આગ્રહ કરાયો હતો કે દક્ષિણ ગુજરાત વિશેષ કરીને સુરતમાં એવું કોઈ કામ / બેંક ઊભી કરવામાં આવે. તે માટે મા. ચંપકભાઈ સુખડીયા, હું, ઈન્દ્રકાંતભાઈ શાહ વિગેરે અભ્યાસ અને પ્રયત્નો કરી રહ્યા હતા કે મૂડી, શેરભંડોળ, સભ્યો વિગેરે કેટલા પ્રમાણમાં જોઈએ.

**પંચશીલ બેંક એટલે દક્ષિણ ગુજરાતની સંઘ પ્રેરીત પ્રથમ બેંક.**

એક દિવસ શ્રી હેમંતભાઈ ચપટવાળાએ વાત કરી કે પંચશીલમાં તત્કાલીન સમયે સૌ મધ્યમમાર્ગી વિચારધારાના લોકોની બોડી હતી જેના દ્વારા વહીવટ કથળેલો હતો અને બેંક સૂઈ જાય તેવી સ્થિતી હતી. રીઝર્વ બેંકનું નોટીફીકેશન બહાર પડી ચૂકયું હતું કે આ બેંક કોઈ લેવા તૈયાર હોય તો પ્રોસેસ કરવામાં આવશે, તેથી નકકી થયું કે નવી બેંક ઊભી કરવી તેના કરતા આ બેંકને જો જીવંત કરીએ તો ઓછી મહેનતે કામ થઈ શકે કારણ, તત્કાલીન જનસંઘ કે સંઘ પાસે કાર્યકર્તાઓની કમી નહોતી તેથી સભ્યો કે શેરભંડોળ તો ઊભું થઈ જ શકે.

જૂના ડીરેકટરો સાથે સંપર્ક અને મીટીંગો ચાલુ કરી શ્રી હેમંતભાઈ ચપટવાલા તો ડીરેકટર હતા જ. શરૂઆતમાં તેઓ એક-બે ડીરેકટરો આપણા બોર્ડમાં લેવાય તે માટે સંમત થયા કારણ એમને પણ વિશ્વાસ હતો કે આ બેંક ચાલશે નહીં. પણ ત્યારે એમને કલ્પના નહોતી કે સંઘ-જનસંઘના કાર્યકર્તાઓ કેવી રીતે કામ કરતા હોય છે.

# ધી પંચશીલ મર્કન્ટાઈલ કો-ઓ. બેંક લીમીટેડ

રીઝર્વ બેંકને મળવા જવાનું નક્કી થયું પણ પરિસ્થિતિ એવી કે પંચશીલના નામ પર રીઝર્વ બેંકમાંથી પણ કોઈ મળવા કે સમય આપવા તૈયાર ન થાય, અમદાવાદ - મુંબઈ બન્ને રીઝર્વ બેંકમાંથી પણ કોઈ મળવા કે સમય આપવા તૈયાર ન થયા. અનેક ધક્કા ખાધા હું પત્રકાર ઠેકાણે પ્રયત્નો કર્યા પણ કોઈ ઓફીસર મળવા તૈયાર ન થયા. અનેક ધક્કા ખાધા હું પત્રકાર તરીકે સુરતથી અમદાવાદ ગુજરાત સમાચારમાં જોડાયો હતો. પત્રકારત્વના સંબંધોને આધારે સમય માંગી રજૂઆત કરી કે જો તમે સમય પણ ન આપતા હો તો કેમ કરી ચાલશે? જો તમારે બેંકને કોઈના હાથમાં સોંપવી હોય તો ટેબલ પર ચર્ચા કરો, અથવા બંધ કરી દો. અંતે શેર કેપીટલ વધારવા માટેની મંજૂરી રીઝર્વ બેંક તરફથી આપણને આપવામાં આવી. આમ, બેંક શરૂ થઈ ગઈ.

મા. દેશમુખજીનો ફાળો ખૂબ મહત્વનો રહ્યો કારણ શરૂઆતના તબક્કામાં જયારે રીઝર્વ બેંકની અમદાવાદની શાખામાં જવાની જરૂર પડતી તો તેઓ પ્રાંત પ્રચારક તરીકે અમદાવાદથી એ મેનેજ કરી આપતા. વળી રાજકોટ નાગરીકના ચેરમેન અને મેયર તરીકે ખૂબ સારૂ નામ કાઢી ચૂકેલા એવા સ્વ. શ્રી અરવિંદભાઈ મણીયાર યોગ્ય અને જયાં જરૂર પડે ત્યાં માર્ગદર્શન આપતા રહેતા. પરિણામે કાર્ય સરળ થતું ગયું.

**જયારે બેંકને RBI ની નોટીસ મળી અને બેંકને બેઠી કરવા અમદાવાદ RBI માં જવાની જરૂર પડતી ત્યારે RSS ના પ્રાંત પ્રચારકજી તરીકે દેશમુખજી પોતાના સંપર્કોને આધારે સમય મેળવી આપતા.**

જૂના ડીરેકટરોએ બેંકને પોતાની પેઢીની જેમ ચલાવી હતી. રાણીતળાવ બ્રાંચની ઉપરનો માળ એક ડીરેકટર જે પોતે બિલ્ડર પણ હતા એ પોતાની ઓફીસ તરીકે કરતા અને લાઈટબીલ સહિતના તમામ ખર્ચા પંચશીલમાં પડતા. એમની પાસેથી વસૂલાત કરી મિલકત ખાલી કરાવી.

બેંક ચાલવા માંડતા જૂના ડીરેકટરોને થયું કે આ કેવી રીતે થયું? એમના પેટમાં તેલ રેડાયું અને ઈલેકશનમાં પોતાના લોકોને ઊભા રાખ્યા. સંઘ - જનસંઘ - અન્ય ક્ષેત્રના લોકોને શેર હોલ્ડર બનાવ્યા હતા એ ફોજ પ્રમાણમાં વધુ હતી. છતાં જૂના એક એક શેરહોલ્ડરોને અમે મળ્યા અને હકીકત જણાવી કે "આજ લોકોએ બેંકને સુવાડી દીધી છે. તમે ફરીથી એમને લાવવા માંગો છો કે કેમ?" અંતે ઈલેકશનમાં આપણી પેનલ જીતી અને લગભગ ૪ કાર્યકર્તાઓ ચૂંટાયા હતા.

ધીમે ધીમે વિશ્વાસ વધતો ગયો. ધ્યાનમાં આવ્યું કે જો બેંક ચલાવવી હોય તો સુરતમાં ધંધા રોજગાર આપતા હોય તેવા ક્ષેત્રોમાં આપણને ડીપોઝીટો અને લોન મળવી જોઈએ. તેથી ડીરેકટરશ્રી સ્વ. રામઅવતારજી અગ્રવાલને ત્યાં ટેક્ષ્ટાઈલ માર્કેટમાં આપણું કલેકશન સેન્ટર





# ધી પંચશીલ મર્કન્ટાઈલ કો-ઓ. બેંક લીમીટેડ

પણ શરૂ કર્યું હતું. જયાં લોકો કેશ-ચેક આપી જતા ત્યારે એક જ બ્રાંચ હતી અને આમ ટેક્ષ્ટાઈલના ક્ષેત્રમાં પગપેસારો કર્યો.

એક સમયે એવી સ્થિતિ પણ આવી કે ઉદ્યોગપતિઓ આવીને 'લો અમે ૫ લાખ આપીએ અમને ડીરેકટર બનાવો.' આવી માંગ પણ કરતા પરંતુ એવી લોભામણી ઓફરોમાં ન પડતા સામાન્ય માણસને ધ્યાનમાં રાખીને અમે કામ કરતા રહ્યા.

સમય જતાં બીજી બ્રાંચો થઈ અને અન્ય ક્ષેત્રો જેમકે પ્રોફેશનલ્સ, વ્યાપારી, સામાન્ય નોકરીયાત વિગેરે ક્ષેત્રોમાં લોન આપી શકાય તે માટે પ્રયત્નો શરૂ કર્યા અને યશ પણ મળ્યો.

## મહાનુભાવો બેંકની મુલાકાતે...



સહકાર ભારતીના રાષ્ટ્રિય સંગઠનમંત્રીશ્રી સંજયજી પાચપોર, શ્રી પ્રવિણભાઈ ઓતિયા, શ્રી શરદજી ચૌહાણ અને શ્રી પંકજભાઈ રાવલ સાથે ચેરમેનશ્રી મયુરભાઈ ચૌહાણ, એમ.ડી. શ્રી સુરેશભાઈ પટેલ વરિષ્ઠ ડીરેકટરશ્રી બાબુભાઈ ગુજરાતી અને જનરલ મેનેજરશ્રી ગૌરાંગભાઈ વૈદ્ય

# પંચશીલ બેંકના પાયાના શિલ્પીઓ

## શ્રી ફકીરભાઈ ચૌહાણ



ધી પંચશીલ મર્કન્ટાઈલ કો-ઓપરેટીવ બેંક લી. ની શરૂઆત ૧૦૭૩માં થઈ હતી. શરૂઆતના સમયમાં તેમાં ડીરેકટર તરીકે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ કે ભારતીય જનસંઘના વિચારોના કાર્યકર્તા તરીકે એકમાત્ર હેમંતભાઈ ચપટવાળા હતા. ૧૯૭૩ થી ૧૯૭૮ નો સમય દેશમાં સામાજીક અને રાજકીય આંદોલનોનો રહ્યો. કટોકટી બાદ ૧૯૭૮માં ત્યારે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના પ્રચારક તરીકે મા. શ્રી કેશવરાવજી દેશમુખ માર્ગદર્શન કરી રહ્યા હતા. એક દિવસ એમના દ્વારા કેટલાક પ્રમુખ અને આર્થિક ક્ષેત્રે કાર્ય કરી શકે તેવા કાર્યકર્તાઓને બોલાવવામાં આવ્યા અને હેમંતભાઈ ચપટવાલા દ્વારા વિષય મુકાયો કે ધી પંચશીલ મર્કન્ટાઈલ કો-ઓપરેટીવ બેંક લી. નામની બેંકમાં હાલના ડીરેકટરો છૂટવા માંગે છે. જો આપણી બધાની ઈચ્છા હોય તો આ બેંકને આપણે હાથમાં લેવી જોઈએ જેથી સુરત શહેરમાં આપણી વિચારધારાની એક સહકારી સંસ્થા / બેંક ઊભી કરી શકીએ. નકકી થયું કે અભ્યાસ કરીને ફરી બધા ભેગા થઈએ. રીઝર્વ બેંકની નોટીસ, ઓડીટ રીપોર્ટ, હિસાબો વગેરેની કોપી મેળવી બધાએ અભ્યાસ કર્યો અને ફરી ભેગા થયા પરંતુ કેટલાક કાર્યકર્તાઓનો મત હતો કે આ બેંકમાં પડાય નહીં. કારણ જે રીપોર્ટ, નોટીસ વિગેરે છે તે જોતાં જેલમાં જવાનો વારો આવી શકે. મા. દેશમુખજીએ માર્ગદર્શન કરતાં કહ્યું કે

**બેંકને RBI ની નોટીસ મળી ચૂકી હતી. એ જોતા બેંકના કામમાં હાથ નાંખવાથી જેલમાં જવું પડશે એવું ચિત્ર હતું. પણ દેશમુખજીએ કહ્યું કે એ સ્થિતિ આવશે તો જોયું જશે, પણ સામાન્ય માણસનો આધાર બનવા આપણે આ બેંક હસ્તગત કરવી જોઈએ.**

જો એવી સ્થિતિ આવશે તો જોયું જશે પણ, આપણે સહકારી ક્ષેત્રે કામ કરવા અને સામાન્ય માણસને માટે આધાર બનવા માટે આ ક્ષેત્રે ઝંપલાવવું જોઈએ. જે લોકો સંઘના આ સંગઠનોને જાણતા હશે તેમને અંદાજ હશે જ કે પ્રાંત પ્રચારકજીની કક્ષાના વરિષ્ઠ કાર્યકર્તાની સૂચના એ કાર્યકર્તાઓ માટે આદેશ સમાન હોય છે. પરિણામે નકકી થયું કે ધી પંચશીલ મર્કન્ટાઈલ કો-ઓપરેટીવ બેંક લી. ને હસ્તગત કરવી અને સંઘવિચાર મુજબ સામાન્ય વ્યકિતને મદદરૂપ થવાના આશયથી સહકારી ક્ષેત્રે કામ કરવું.





જૂની બોર્ડ કાર્યરત હતી. લગભગ ૧૯ લાખ ડીપોઝીટ હતી અને સામે એટલું જ ઓવરડયુ હતું. તો ઓન ફંડ-શેરભંડોળ વિગેરે ધી સુરત ડીસ્ટ્રીકટ બેંકમાં બાકી બોલતા હતા. લગભગ બે વર્ષની મહેનત બાદ ૧૯૮૦ની બોર્ડમાં ડીરેકટર તરીકે ચૂંટાયો, તે બોર્ડમાં એક સાથે હું, હેમંતભાઈ ચપટવાલા, ઈન્દ્રકાંતભાઈ શાહ, ચંપકભાઈ સુખડીયા આમ ચાર લોકો સંઘવિચારના કાર્યકર્તા તરીકે ચૂંટાયા હતા.

બેંકની પરિસ્થિતિનો ચિતાર એના પરથી મળે કે ચૂંટાયાના બીજા જ દિવસે હું રાણીતળાવની બ્રાંચ પર ગયો અને ઓફિસમાં બેઠો. થોડો સમય થયો અને બહારથી ઝઘડવાનો અવાજ આવવા લાગ્યો થોડીવાર તો ધ્યાન-બેધ્યાન કર્યું પણ પછી જાણે ઝઘડો વધતો જતો હોય એમ લાગતા બહારથી એક કર્મચારી નામે મીઠાઈવાલાને બોલાવી પૂછપરછ કરી કે આ શું ચાલુ રહ્યું છે. ત્યારે એણે જવાબ આપ્યો કે આ ભાઈ આપણા ગ્રાહક છે અને એફડી પરત લેવા આવ્યા છે. મેં એમને બોલાવ્યા અને પૂછયું કે કેમ તમે ઉતાવળ કરો છો? તો એમણે કહ્યું કે મારી ૩૦૦૦/- રૂા. ની એફડી તો બે મહિનાથી પાકી ગઈ છે પણ મને પૈસા જ આપતા નથી. સ્ટાફને પૂછયું કે શું વાંધો છે? તો જવાબ મળ્યો કે પૈસા જ ક્યાં છે બેંકમાં કે એકાઉન્ટમાં, પરત કરવા માટે પૈસા જ નથી. અમારો પગાર પણ થયો નથી, તે પણ બાકી છે. મેં એ ગ્રાહકને થોડા દિવસ થોભવા વિનંતી કરી અને એ સજ્જન માની ગયા.

હું ચંપકભાઈ સુખડીયા અને કાંતિભાઈ વ્યાસ સક્રિય રીતે રસ લેવા લાગ્યા. બધા મિત્રોએ મળીને નકકી કર્યું કે પોતપોતાના એકાઉન્ટ અને મિત્રો કાર્યકર્તાઓના એકાઉન્ટ ખોલાવીએ. મેં મારું એકાઉન્ટ ખોલાવ્યું પણ પરિસ્થિતિ જુદી જ હતી, તે સમયે મારા ભારતીશ વિદ્યાલયની લગભગ દર મહિને ૬૦,૦૦૦ જેટલી ફીની રકમ આવતી હતી મેં મારું ખાતું ખોલાવ્યું પણ જયારે બીજા મહિને સ્ટાફને પગાર કરવા પૈસા ઉપાડવા ગયો તો બેંકમાં પૈસા જ ન્હોતા. મેં પૂછયું તો જવાબ મળ્યો કે તમે ભર્યા પણ બીજા ઉપાડી ગયા બેંકમાં પૈસા જ નથી. પરિસ્થિતિ બદલવા માટે સભ્ય ઝૂંબેશ શરૂ કરી ધ્યાનમાં આવ્યું કે બેંક પાસેથી લોન લઈ ગયેલા ઘણાંના પૈસા બાકી છે, તો એમની પાસેથી ઉઘરાણી કરવી જોઈએ. એકંદરે ૧૯ લાખ બાકી ઉઘરાણી બોલતી હતી જેમાં ૪.૫ લાખ એક જ બહેનના હતા. એમની પાસેથી ઉઘરાણી શરૂ કરી થોડી થોડી કરીને રકમ આવી તેથી થોડી હિંમત આવી. ૪.૫ લાખની ઉઘરાણી આવતા બેંક થોડી ચાલતી થઈ. લોકો આવે તો પૈસા મળવા લાગતા લોકોમાં થોડો વિશ્વાસ વધ્યો.

જૂની બોર્ડના મિત્રોની ઈચ્છા નહોતી કે બેંક ચાલતી થાય તેથી તેમણે કાવત્રુ રચ્યું. દિવાળી સમયે જ બધા પૈસા ઉપાડી લેવા લોકો એકસામટા આવવા લાગ્યા એ કાવત્રાને પણ ચાલવા ન દીધું. પરિણામે બેંકના વહીવટમાં પણ તેજી આવી. સભ્ય ઝૂંબેશને સારો પ્રતિસાદ મળ્યો અને એ દરમ્યાન જ નરોત્તમભાઈ આઈ. પટેલ સંપર્કમાં આવ્યા જેમણે ઘણા વર્ષો સુધી બેંકના ચેરમેન તરીકે ફરજ બજાવી. જયારે સભ્યો બનાવવાની ઝૂંબેશને સારો પ્રતિસાદ મળ્યો ત્યારે બેંક ચલાવવા ફકત સભ્યો વધારવાથી કામ નહીં બને પણ ડીપોઝીટ પણ લાવવી પડશે એ માટે બધાએ મહેનત શરૂ કરી અને વિશેષ કરીને નરોત્તમભાઈ પટેલ (એન.આઈ. પટેલ)ના સંપર્કો દ્વારા અનેક વેપારીઓએ પોતાના ખાતા ચાલુ કરાવવા સાથે ડીપોઝીટો પણ મૂકી.

૧૯૮૧-૮૨માં ચંપકભાઈ સુખડીયા ચેરમેન બન્યા. કામ વધતા સારી જગ્યા જયાં લોક આવી શકે, તેમનું આવવા જવાનું અને વ્યવહાર કરવાની સરળતા રહે તે હેતુથી બેલ્જીયમ ટાવરમાં નવી જગ્યા લઈ ત્યાં હેડઓફિસ બનાવી કામ શરૂ કર્યું.

૨૦૦૨માં ભારતીય જનતા પાર્ટી દ્વારા મને મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડના ચેરમેન તરીકેની જવાબદારી મળી જે નિભાવવા માટે સન્નિષ્ઠ પ્રયાસ શરૂ કર્યા અને અઠવાડિયામાં સોમથી શુક્ર ગાંધીનગર રહેવાનું થયું. પણ પંચશીલના બધા મિત્રોએ આગ્રહ કર્યો કે તમે ચેરમેન બનો. કાર્યકર્તાઓના આગ્રહને કારણે ચેરમેન તરીકે જવાબદારી સ્વીકારી લગભગ ૨૫ કરોડ ધિરાણના સ્તર સુધી બેંક પહોંચી હતી. એન.પી.એ. ઘટાડવા માટે નક્કી કર્યું અભ્યાસ કરતા કેટલીક વાતો ધ્યાનમાં આવી.

કેટલીક લોન અંગત લોકોને આપવામા આવી હતી જેમને સંબંધોને કારણે નોટીસો બજાવાતી નહોતી તો બીજું કારણ એવું સામે આવ્યું કે જો એનપીએ વધારે બતાવાય તો રીઝર્વ બેંક પંચશીલને વીક બેંકમાં મૂકે, તો જેમતેમ ઊભી કરાયેલી બેંક ફરી જૈસે થેની સ્થિતિમાં આવી જાય તેની બીક હતી. લગભગ ૧૨.૫૦ કરોડનું એનપીએ હતું. જેમની ઉપર કેસ કરવાનું નક્કી કરી કોઈપણ હોય લીગલ એકશન લેવાનું શરૂ કર્યું. ત્યારના રીકવરી ઓફિસર ગૌરાંગ વૈદ્ય અને તેમની ટીમને દાદ આપવી પડે. એમને બોલાવીને પૂછ્યું કે જો બેંક ચલાવવી હોય અને તમે રીકવરી માટે અભિયાનની જેમ કામે લાગો તો ચેરમેન તરીકે હું તમારી સાથે છું. જે કોઈ કાયદાકીય કે સરકારી મદદ લેવાની જરૂર હશે તે લઈશું પણ બેંક ચાલવી જોઈએ. રીકવરી થવી જોઈએ. અને રીકવરી ટીમે હિંમતથી કામ કરી ઘણી ખરી રીકવરી કરી એક કેસમાં તો મેટર દિલ્હી સુધી ગઈ હતી તેમાં પણ લડત આપી.

> **ચેરમેન બન્યા બાદ રીકવરી માટે રીકવરી ઓફીસર અને ટીમને બોલાવીને પૂછ્યું કે, બેંક ચલાવવી હોય અને તમે રીકવરી માટે અભિયાનની જેમ કામે લાગો તો ચેરમેન તરીકે હું તમારી સાથે છું. જે કોઈ કાયદાકીય કે સરકારી મદદ લેવી પડે તો લઈશું પણ બેંક ચાલવી જોઈએ.**

ત્યારબાદ નવું વાવાઝોડું આવ્યું સુર્યપુર અને ડાયમંડ જયુબિલી બેંક કાચી પડતા સહકારી બેંકો ઉપરનો લોકોનો વિશ્વાસ ઉઠવા માંડયો હતો. પંચશીલમાંથી પણ પૈસા ઉપાડવા લોકો આવતા પણ તમામને સમજાવતા કે તમે મુકેલી એફડી ને અમે બીજે રોકાણ કરેલ છે, જે તરતને તરત ન મળે તેથી એફડીને બદલે તમારા અન્ય પ્રકારના ખાતાઓમાંથી પૈસા ઉપાડો એ અમે તમને આપીશું બાકી એફડીની જવાબદારી અમારી છે અને રહેશે અને તમને પાઈએ પાઈ પરત મળશે જ. આજે પંચશીલ બેંક સુરતની બેંકોમાં પૂછાય છે એનો આનંદ છે પણ બેંકનો જેવો વિકાસ થવો જોઈએ તેવો થયો નથી તેનો રંજ પણ છે.





# પંચશીલ બેંકના પાયાના શિલ્પીઓ

## શ્રી પ્રવિણચંદ્ર નાયક



ધી પંચશીલ મર્કન્ટાઈલ બેંકની શરૂઆત થઈ ત્યારે કટોકટીના દિવસો હતા. એ સમયે આખો દેશ આંદોલનની દિશામાં અને લોકશાહી ખતમ કરવાની માનસિકતા સાથેની ઈંદિરાબેન ગાંધીની તાનાશાહી સામે એક અવાજે લડી રહ્યો હતો અને એવા સમયે નાના લોકોને આર્થિક મદદની ઘણી જરૂર રહેતી કારણ ક્યારે સરકારનો કયો નિર્ણય કોઈ પરિવારને અસર કરે તે નક્કી નહોતું. એવા સમયે હેમંતભાઈ ચપટવાલા દ્વારા આ અંગે વિચાર રજૂ કરાયો કે આ બેંક આપણે હસ્તગત કરી શકીએ કે કેમ? આ માટે વિશેષ કરીને શ્રી કેશવરાવજી દેશમુખ જેઓ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના ગુજરાત પ્રાંતના પ્રચારક હતા તેમનો આગ્રહ હતો. બેલેન્સ શીટ, રીઝર્વ બેંકની નોટીસ, ઓડીટ રીપોર્ટ જોતાં આ અંગે શંકા ઊભી થઈ. પણ દેશમુખજીનો ખાસ આગ્રહ હતો જેથી બધા અંતે તૈયાર થયા.

> **શકિત કામે લાગી અને કાર્યકર્તાઓના કારણે બેંક ધીમે ધીમે કામ કરવા લાગી. સંઘ વિચારધારાના કાર્યકર્તાઓ ધીમે ધીમે ડીરેકટર તરીકે આવવા લાગ્યા એ જ સમયે ભાજપની પણ સ્થાપનાનો કાળ હતો. વળી સહકારી ક્ષેત્રમાં લગભગ કોંગ્રેસના કાર્યકર્તાઓનું વર્ચસ્વ હતું. તેથી પણ બેંક ચાલવી જ જોઈએ એવા આગ્રહ સાથે કામ કરતા હતા.**

શરૂઆતનો સમય કપરો હતો. કારણ બધી બાજુથી બેંક ઘેરાયેલી હતી અને છતાં આમાંથી બહાર નિકળવાનું નક્કી કરી કાર્યકર્તાઓ કામે લાગ્યા હતા. સંઘના તત્કાલિન પ્રચારક એવા શ્રી મહેન્દ્રભાઈ ભટ્ટ વિગેરે પણ સક્રિય રીતે કાર્યરત હતા.

પણ શકિત કામે લાગી અને કાર્યકર્તાઓના કારણે બેંક ધીમે ધીમે કામ કરવા લાગી. સંઘ વિચારધારાના કાર્યકર્તાઓ ધીમે ધીમે ડીરેકટર તરીકે આવવા લાગ્યા એ જ સમયે ભાજપની પણ સ્થાપનાનો કાળ હતો. વળી સહકારી ક્ષેત્રમાં લગભગ કોંગ્રેસના કાર્યકર્તાઓનું વર્ચસ્વ હતું. તેથી પણ બેંક ચાલવી જ જોઈએ એવા આગ્રહ સાથે કામ કરતા હતા.

લગભગ ૧૯૮૪-૮૫ માં ડીરેકટર તરીકે જોડાવાનો મોકો મળ્યો. ત્યારથી આજ પર્યંત ડીરેકટર તેમજ વિવિધ જવાબદારીઓ નિભાવી છે એ દરમ્યાન બેંકએ અનેક સારા ખરાબ સમયનો સામનો કરવાનો થયો. કેટલાય સામાન્ય લોકો પોતાની તકલીફના સમયમાં આશા રાખી લોન માટે આવતા જોયા જેમની કોઈ મોટી અપેક્ષાઓ પણ નહોતી, પણ આપણી બેંક છે એવા હકથી આવતા જોયા. તો કેટલાકને ના કહેવાની પણ ફરજ પડી પણ તો એવા કારણોને લીધે કે રીઝર્વ બેંકના નિયમોને આધીન રહી કામ કરવાનું હતું.

એક સમયે ૨૦૦૦ થી ૨૦૦૧ના આસપાસના સમયગાળામાં બેંકોની ઊઠી જવાના વાવાઝોડામાં લોકોને પણ પંચશીલ અંગે આવો જ ભાવ અને ગભરાટ થતો પણ લોકોએ વિશ્વાસ રાખ્યો કેટલાકે પોતાની રકમ પરત પણ ખેંચી પરિણામે સહકારી ક્ષેત્રમાં પણ અવિશ્વાસનું વાતાવરણ ફેલાયેલું હતું. પણ પંચશીલ આજે પણ ચાલી રહી છે દિવસે દિવસે વિશ્વાસ અને પ્રગતિ કરી રહી છે. તે જોઈ આનંદ થાય છે.

## કર્મચારીઓને પ્રશિક્ષણ










## મોબાઈલ બેન્કીંગ ઉપયોગ અંગે માર્ગદર્શિકા

* **મોબાઈલ બેંકીંગ શું છે?**

પંચશીલ બેંક મોબાઈલ બેંકીંગ એ ગ્રાહકો માટેની ભંડોળને ટ્રાન્સફર કરવાની તેમજ બેંકને લગતી અન્ય સેવાઓનો લાભ લેવામાટેની પંચશીલ કો-ઓપ. બેંકની સેવા છે. આ સેવાનો ઉપયોગ કરવાથી ભંડોળને એક વ્યકિતથી બીજા વ્યકિતને અથવા એક ખાતામાંથી બીજા ખાતામાં ટ્રાન્સફર કરી શકાય છે. સાથે સાથે બેંકની ગ્રાહકલક્ષી અન્ય સેવાઓ જેવી કે, આપના ખાતાની ચેકબુક માટે બેંક પાસે માંગણી કરવી, પોતાના ખાતામાં બાકી રહેલી રકમની જાણકારી મેળવવી, પોતાના ખાતાનું સ્ટેટમેન્ટ મેળવવું વિગેરે જ્યાં હોય ત્યાંથી દુનિયાના કોઈપણ ખૂણેથી મોબાઈલના ઉપયોગ દ્વારા આસાનીથી કરી શકે છે. અને તેણે તે સેવા માટે બેંકમાં જવાની જરૂર પડતી નથી.

* **કેવી રીતે રજીસ્ટ્રેશન કરી શકાય?**

- સૌ પ્રથમ ગુગલ પ્લે સ્ટોર અથવા બેંકની વેબસાઈટ ઉપરથી

  http://www.panchsheelbank.com પરથી PanchsheelBank Mobile Banking એપ્લીકેશન ડાઉનલોડ કરો.

* **એપ્લીકેશન ડાઉનલોડ :**

- આ એપ્લીકેશન આપ ગુગલ પ્લે સ્ટોર ઉપરથી પણ ડાઉનલોડ કરી શકો છો.

* **પાસવર્ડ :**

- MPIN આ ૪ અક્ષરને મોબાઈલ પીન છે. જેના ઉપયોગથી મોબાઈલ બેંકીંગ એપ્લીકેશનમાં દાખલ થઈ બેંકમાંથી તેના ઉપયોગ માટેની પરવાનગી મેળવી શકો છો. જેના ઉપયોગથી આપ આપના આર્થિક વ્યવહાર માટેનો ઓટીપી પ્રાપ્ત કરી શકો છો.
- ઓટીપી વન ટાઈમ પાસવર્ડ આ પાસવર્ડ આપના મોબાઈલ મેસેજ બોક્ષમાં આવ્યા બાદ ફકત ૧ કલાક સુધી અથવા ટ્રાન્ઝેકશન સફળ થાય ત્યાં સુધી જ માન્ય રહે છે. જો આપ ઉપયોગ કરવામાં સમય ચૂકી જાવ તો આપે ફરીથી આ પાસવર્ડ મેળવવાનો રહે છે.
- આ એપ્લીકેશનના ઉપયોગથી આપણા ખાતામાંથી બીજે રૂપીયા કેવી રીતે મોકલી શકાય?
- સૌ પ્રથમ આપના મોબાઈલમાં PanchsheelBank Mobile Banking એપ્લીકેશન ને શરૂ કરો.

- તમારી પાસે MPIN માંગવામાં આવશે. આપ આપને બેંક દ્વારા આપેલ MPIN દાખલ કરો. જો આપ પ્રથમ વખત જ આ વ્યવસ્થાનો ઉપયોગ કરી રહ્યા હોવ તો MPIN જનરેટ કરો.
- એપ્લીકેશનના ઉપયોગ માટેની શરતોનો સ્વીકાર કરો.
- ફંડ ટ્રાન્સફર વિકલ્પને પસંદ કરો.
- તમારી જરૂરીયાત મુજબનો વિકલ્પ પસંદ કરો. જો આપ ધી પંચશીલ મર્કન્ટાઈલ બેંકના જ અન્ય ખાતામાં રોકડ મોકલવા માંગતા હો તો Within Bank Transfer અને જો આ સિવાયની અન્ય કોઈ બેંકમાં રોકડ મોકલવા માંગતા હો તો IMPS Transfer to Account વિકલ્પ ને પસંદ કરો.
- આપની સ્ક્રીન ઉપર આ વહેવારને લગતી કેટલીક વિગતો માંગવામાં આવશે જેમકે, ખાતા નંબર અને IFS Code.
- Confirm બટન ઉપર કલીક કરો. Confirm બટન ઉપર કલીક કરતાં તમોને 6 digit નો TPIN માંગશે જે આપવાનો રહેશે.
- બટન ઉપર કલીક કરવાથી આપના ખાતામાંથી આપે આપેલ વિગત મુજબની રકમ અને આપે આપેલ સૂચના મુજબનો વ્યવહાર આપના ખાતામાંથી થશે જે અંગે SMS આવશે.
- આપને જો આવશ્યકતા હોય તો લાભકર્તાની વિગત નોંધી લો.
- આ માટે એક દિવસમાં વધુમાં વધુ 30,000/- રૂા. અંકે રૂપિયા ત્રીસ હજારનો વ્યવહાર કરી શકશો.

* **રોકડ મેળવવા કેવી રીતે?**

- અન્ય ખાતામાંથી રોકડ આપના બેંક ખાતામાં મેળવવા માટે આપે આપને નાણાં મોકલનારને નીચે મુજબની વિગત આપવી પડશે.
- ખાતામાં નાણાં સ્વીકારવા માટે - એકાઉન્ટ નંબર અને બેંકનો IFS Code

* **બેંકની અન્ય સેવાઓની વિનંતી :**

- બેલેન્સની માહિતી - આપ આપના બેંક ખાતામાં બાકી રહેલી રકમની માહિતી મેળવી શકો છો આ માટે આપનું ખાતું આપના મોબાઈલ નંબર સાથે જોડાયેલું હોવું જોઈએ.
- મીની સ્ટેટમેન્ટ - આપ આ સેવાના માધ્યમથી મહિનામાં વધુમાં વધુ એક ચેકબુક માટે





બેંકમા આવ્યા સિવાય વિનંતી કરી શકો છો.

આ માટે પંચશીલબેંક મોબાઈલ બેન્કીંગ એપ્લીકેશનમાં દાખલ થયા બાદ ડાબી બાજુ ઉપરના ભાગે ત્રણ આડી લાઈનના ઉપહાન્સમાં જવું અને ચેક સર્વિસ ઉપરહાન્સ સિલેક્ટ કરવો. ત્યારબાદ ચેક બુક રીકવેસ્ટ ઉપર કલીક કરો અને submit કરો.

- અંતિમ 5 IMPS વ્યવહારોની જાણકારી - આપના લીંક થયેલા ખાતામાં બીજી બેંકમાં થયેલા અંતિમ 5 IMPS વ્યવહારોની માહિતી આ સેવાથી મેળવી શકાશે.
- આ માટે પંચશીલબેંક મોબાઈલ બેંકીગ એપ્લીકેશનમાં દાખલ થયા બાદ

* **સૂચન :**

જો આ અંગે કે બેંકની સેવાઓ અંગે આપની પાસે કોઈ મૂલ્યવાન સૂચન હોય તો આપ નીચેના સરનામે જણાવી શકો છો. આપના સૂચન આવકાર્ય છે.

**ધી પંચશીલ મર્કન્ટાઈલ કો-ઓપ. બેંક લી.**

બેલ્જીયમ ટાવર, સિલ્વર પ્લાઝા કોમ્પલેક્ષ,
દિલ્હીગેટ, રીંગ રોડ, સુરત-૩૯૫ ૦૦૩, ગુજરાત, ભારત.
ટેલીફોનઃ +૯૧ ૨૬૧ ૨૪૨૭૭૯૫, ૨૪૫૨૬૪૪
ઈ-મેલઃ pmcbank@gmail.com
વેબસાઈટઃ www.panchsheelbank.com



# ગ્રાહકોનો અંતરનાદ

## આજે અમે જે કાંઈ છીએ તે પંચશીલ બેંકને કારણે છીએ. ૧૩ લાખથી ૯૦ લાખના મશીનો ખરીદવાની હિંમત પંચશીલે આપી.

### શ્રી હિતેશભાઈ ગાંગાણી



એક કહેવત છે કે ધાર્યું ધણીનું થાય એમ - માનવી ધારે કંઈ છે પણ ઈશ્વર ધારે તે જ થાય છે.

એમ.એ.બી.એડ. થઈ શિક્ષક તરીકેની નોકરી મેળવવા માટે ઈચ્છુક યુવાનને એક શાળામાં નોકરી માટે જગ્યા ખાલી હોવાની ખબર પડી એ યુવાને અનેક આશાઓ મનમાં રાખી શાળામાં સંપર્ક કરતા ખબર પડી કે ત્યાં તો શાળાના ટ્રસ્ટીઓના પરિવારના વ્યક્તિને નોકરી આપવાનું નક્કી જ છે. પણ બહારના સંપર્કોથી ખબર પડી કે ત્યાં તો ૬ લાખ રૂપિયાની ડિમાન્ડ છે, યુવાને વિચાર કર્યો કે ૬ લાખ મારી પાસે નથી તો એના કરતા કોઈ ધંધો કરીએ તો કેવું ! બીજી ઘણી બેંકોમાં તપાસ કરી પણ કોઈ બેંક ધીરાણ આપવા તૈયાર થઈ નહીં, ત્યારે એ યુવાન ધી પંચશીલ મર્કન્ટાઈલ કો-આપરેટીવ બેંક લી.ના ડિરેકટરશ્રી બાબુભાઈ પટેલના સંપર્કમાં આવ્યો અને એમણે એની ક્ષમતાને ઓળખી લોન આપવાની અને એક એમ્બ્રોઈડરી મશીન જેની કિંમત ત્યારે વીસ લાખ હતી તેની લોન આપવાની તૈયારી બતાવી અને મોર્ગેજ મુકવા માટે કોઈ પ્રોપર્ટી નહોતી તો સગા-મિત્રોએ વિશ્વાસ મુકી પોતાનું મોર્ગેજ આપ્યું પણ એ યુવાન નામે હિતેશભાઈ ગાંગાણીએ ત્યાર પછી પાછુ વળીને જોયું નથી અને જ્યારે જરૂર પડી અને પાછળ વળીને જોયું તો દરેક વખતે પંચશીલ બેંક એના ડિરેકટરો પાછળ અડીખમ ઊભેલા નજરે પડયા.

ત્યાર પછીના સમયમાં ૨૦૦૮ પછી દર વર્ષે ધંધાનું એક્સપાન્શન પંચશીલ બેંકની સહાયતાથી કરતા ગયા દર વર્ષે લેટેસ્ટ ટેકનોલોજીના બે-ત્રણ મશીનો ઉમેરતા ગયા અને દરેક વખતે પંચશીલની લોન લેતા ગયા અને સમયસર ભરપાઈ પણ કરતા ગયા લગભગ ૧૨-૧૩ વર્ષના ગાળામાં એમણે પંચશીલમાંથી દસેક વાર લોન લીધી. જેમાં એક વાર પ્રોપર્ટી માટે પણ લોન લીધી આજે પણ બે જેટલી લોન પંચશીલ બેંકમાં ચાલી રહી છે. આજ પર્યંત લગભગ



"સહકાર સે સમૃદ્ધિ"
ધી પંચશીલ મર્કન્ટાઈલ કો-ઓ. બેંક લીમીટેડ

૮૦ લાખથી એક કરોડ સુધીની રકમ કુલ મળીને લોન દ્વારા પંચશીલમાંથી મેળવી છે. તે તમામ રીપે થઈ ગઈ છે.

જેને કારણે આજે શરૂઆતના સમયમાં અને આજની મશીનરીના સ્તર, ટેકનોલોજી, સગવડતા વગેરેમાં પ્રગતિ દેખાય છે. જે તે સમયના લેટેસ્ટ મશીનોની ખરીદી થવાને કારણે ધંધામાં, કામમાં, કામની ચોકસાઈમાં પ્રગતિ થયાનો અનુભવ થઈ રહ્યો છે. સ્ટોક મેઈન્ટેઈન કરવામાં પણ લોનને કારણે સરળતા થઈ છે. એટલે કહી શકાય કે ધંધાકીય અપલીફમેન્ટ સાથે રીલેવન્સીમાં પણ પંચશીલ મદદરૂપ થઈ છે. રીપેમેન્ટ ઝડપથી કરીને શાખ વધારી એનો અર્થ કે રીપેમેન્ટ કેપેસીટી પણ વધી છે. જેને કારણે ધંધાના ક્ષેત્રે નિર્ણય લેવામાં કે વિકાસ માટે સાહસ કરવામાં ચિંતા કરવી પડતી નથી.

એમનું કહેવું, એમ્બ્રોઈડરી - ૪૫ મશીન, નીડલ લુમ્સ-લેસ બનાવવા માટેના ૬ મશીન, રેપીયર જેકાર્ડના યુરોપીયન વર્ઝનના મશીન ૪, હાઈસ્પીડ વોટરજેટ ૨૪, મેન્યુફેકચરીંગ એન્ડ ડાઈડ હોલસેલ રોલીંગ જેનાથી તેઓ તૈયાર સાડી બનાવી હોલસેલમાં વેચાણ કરી રહ્યા છે. જો કિંમતની દ્રષ્ટિએ જોઈએ તો શરૂઆતમાં ખરીદેલ મશીન ૧૩ લાખમાં આવતું હતું જે આજે એમ્બ્રોઈડરી અંદાજે ૪૦ અને રેપીયર ૮ લાખ જેવી કિંમતમાં મળે છે એટલે પંચશીલની સાથે સાથે ૧૩ લાખ થી ૪૦ અને ૮૦ લાખ સુધીના મશીનની ખરીદીની હિંમત અને કેળવવામાં સફળ રહ્યા છે. આજે લગભગ ૨૫ કરોડના ટર્નઓવર સાથે માર્કેટમાં ટકી રહ્યા છીએ.

પંચશીલના સ્ટાફ સાથે ઘર જેવા સંબંધો બંધાયા છે. જ્યારે જ્યારે સમસ્યા આવી છે ત્યારે ત્યારે પંચશીલ બેંકના સ્ટાફ દ્વારા ઘરના સદસ્યની જેમ માર્ગદર્શન અને મદદ થઈ છે. જે ભૂલી શકાય તેમ નથી. ખાસ તો કહી શકાય કે બેંકમાં લોન માટે કોઈ વચેટીયા કે એજન્ટની જરૂર રહેતી નથી તમે સીધા બેંકમાં આવો અને તમારા જરૂરી કાગળો રજૂ કરો. જો યોગ્ય હશે તો લોન મળે જ છે.

## RBI કહે છે...
### જાણકાર બનો, સતર્ક રહો...

"ઊંચા વળતરમાં ઊંચુ જોખમ હોય છે.
તેથી ઝડપી અને ઊંચું વળતર આપતી યોજનાઓથી
લલચાશો નહિ, તમારા પૈસાનું સમજદારી પૂર્વક રોકાણ કરો."

# ગ્રાહકોનો અંતરનાદ

## અમારા ધંધાના પાયામાં પંચશીલ બેંક

### શ્રી દિપકભાઈ દૂધવાલા



રાજદિપ બોઈલરના નામથી શહેરના કંઈક અલગ કહી શકાય એવા બોઈલરના મેન્યુફેકચરીંગ સાથે સંકળાયેલા દિપક દૂધવાલા એટલે મૂળ જનસંઘના કાર્યકર્તા. જનસંઘની ચળવળ સાથે સંકળાયેલા અનેક રાજકીય પ્રસંગો આંદોલનોમાં જાહેર ક્ષેત્રના કાર્યકર્તા તરીકે કાર્યરત ૧૯૮૬માં પંચશીલ મર્કન્ટાઈલ બેંક સાથે જોડાયા. ત્યારે ફક્ત જય એન્ટરપ્રાઈઝના પ્રોપ્રાયટર તરીકે બેંકમાં પોતાની ફર્મનું ખાતું ખોલાવેલ હતું.

પરંતુ બેંકના ડિરેકટરો સર્વશ્રી ફકીરભાઈ ચૌહાણ, પ્રવિણભાઈ નાયક જેમની સાથે ગોપીપુરામાં કાજીના મેદાનમાં આવેલ કાર્યાલય ખાતે નિયમીત મળવાનું થતું અને ૧૨ વર્ષ સુધી જય એન્ટરપ્રાઈઝના ખાતારૂપે અને ફીક્સ્ડ ડીપોઝીટો તેમજ લોકર વિગેરેના માધ્યમથી પંચશીલ બેંક જોડાયેલા રહ્યા.

સને ૧૯૯૩-૯૪ માં અમારી કંપની ઈન્ડટેક્ષ બોઈલર પ્રા. લીમીટેડ, જે અમદાવાદ ખાતે હતી, ત્યાં જવા આવવા અમને બે કારની જરૂર હતી ત્યારે કોઈ ખાનગી કે અન્ય બેંક અમને લોન ધીરવા તૈયાર ન્હોતા, અમને બે કારની તાત્કાલીક જરૂર હતી અને પંચશીલે અમારી પરિસ્થિતિને સમજીને તરત જ લોન સેન્કશન કરી દીધી હતી અને ત્યારે સૌ પ્રથમ પંચશીલમાંથી બે કાર માટે લોન લીધી હતી અને ત્યારથી જ પંચશીલમાંથી લોન લેવાની શરૂઆત થઈ એમ કહી શકાય.

ફરીવાર જરૂર પડી ૧૯૯૮માં, નવો ધંધો શરૂ કરવાનો વિચાર આવ્યો અને બેંકોમાં તપાસ કરી તો કોઈ બેંક અમારી સાથે ઊભી રહેવા તૈયાર ન્હોતી, ત્યારે પંચશીલ ફરી વ્હારે આવી. નવો ધંધો બોઈલર મેન્યુફેકચરીંગના ક્ષેત્ર ઝંપલાવતી વખતે લગભગ ૨૬ લાખ જેવી રકમની ટર્મ લોન પેટે તેમજ અન્ય જરૂરીયાત માટે રૂા. ૧૦ લાખની વર્કીંગ કેપીટલ ફેસીલીટીની જરૂર હતી જે તે સમયે મોટી રકમ હતી વળી બીજી કોઈ બેંક અમારો હાથ પકડવા તૈયાર ન હતી. કારણ અમે નવા હતા અને ધંધાનો અનુભવ ઓછો હતો. પણ જનસંઘના કાર્યકર્તા તરીકે એક બીજા પર જે વિશ્વાસ હતો એના આધારે ફકીરભાઈ ચૌહાણ અને પ્રવિણભાઈ નાયક જેવા પીઢ કાર્યકર્તાઓ વિશ્વાસ મુકયો અને ૩૬ લાખ જેવી રકમની લોન મળી.





અમારી મહેનત અને મિત્રોના વિશ્વાસથી ધંધો ચાલ્યો અને ત્રણ વર્ષમાં ૨૦૦૨માં એ લોન પેઈડ અપ પણ કરી દીધી. ત્યારબાદ ધંધામાં પાછળ વળી જોવાની નોબત આવી નથી.

પણ ધંધો વધતો ગયો હવે પરિસ્થિતિ એવી ઊભી થઈ કે એક સહકારી બેંક તરીકે ધી પંચશીલ બેંકના લીમીટેશન હતા તેથી અમને જે રકમની જરૂર હતી તે રકમ પંચશીલ માટે લોન તરીકે ફાળવવી શકય ન્હોતી છતાં પણ આજે સ્વીકારીએ છીએ કે અમારા ધંધાના મૂળમાં, પાયામાં ધી પંચશીલ મર્કન્ટાઈલ કો-ઓપરેટીવ બેંક તેના ડીરેકટરશ્રીઓ અને કર્મચારીઓનો મહત્વનો ફાળો રહ્યો છે. તેથી જ આજે ભલે કોઈ લોન ચાલતી ન હોય પણ લોકર અને ડીપોઝીટો ખૂબ મોટી સંખ્યામાં પંચશીલમાં છે અમે પંચશીલ સાથેનો સંબંધ જાળવી રાખ્યો હતો, છે અને રહેશે. તેમાં કોઈ મીનમેખ નથી. કારણ ધંધાની શરૂઆતમાં રાજદીપ બોઈલર ૭૫ લાખની કંપની હતી એ આજે ૧૦૦ કરોડની થઈ તેના મૂળમાં ધી પંચશીલ મર્કન્ટાઈલ બેંક છે એ સ્વીકારવામાં પણ કોઈ નાનમ અનુભવતા નથી.



### ફીક્સ ડીપોઝીટ પર આકર્ષક વ્યાજ દરો

| ડીપોઝીટના પ્રકાર (મુદત) | વ્યાજ દર |
|---|---|
| + સેવિંગ્ઝ થાપણ | 3.50 % |
| + ૩૧ દિવસથી ૯૦ દિવસ | 4.75 % |
| + ૯૧ દિવસથી ૧૮૦ દિવસ | 5.75 % |
| + ૧૮૧ દિવસથી એક વર્ષ કરતાં ઓછું | 6.00 % |
| + ૧ વર્ષ અને તેથી વધુ ૩ વર્ષ કરતા ઓછું | 6.50 % |
| + ૩ વર્ષ અને તેથી વધુ ૫ વર્ષ કરતા ઓછું | 6.75 % |
| + ૫ વર્ષ અને તેથી વધુ | 6.50 % |
| + રૂા. ૧૫,૦૦,૦૦૦/- કે તેથી વધુ એક જ નામમાં ૧૨ માસથી વધુ સમયની મુદત માટે એક જ દિવસે મુકવામાં આવેલી હોય અને એક જ દિવસે પાકતી હોય તેવી ડીપોઝીટ પર વધારાનું વ્યાજ | 0.25 % વધુ |
| + જો થાપણદારની ઉંમર ૬૦ વર્ષ પુરા કે તેથી વધુ હોય તો (તેનો પુરાવો લઈ) અને ૧ વર્ષથી વધુ સમય મુદત માટે ડીપોઝીટ મુકે તેમને વધુ વ્યાજનો લાભ વધુમાં ઉપર નંબર-૨ માં જણાવ્યા મુજબ તેમને વધુ વ્યાજ આપવામાં આવશે. | 0.25 % વધુ |

બેંકના ગ્રાહકો માટે "RUPAY" ડેબીટકાર્ડની & IMPSની સુવિધા ઉપલબ્ધ છે.

## પંચશીલ બેંક અંગે સ્કોબા રિપોર્ટ

મિત્રો, સ્કોબા એટલે સમગ્ર દક્ષિણ ગુજરાતની કો-ઓપરેટીવ બેંકની સંસ્થા, સ્કોબાએ અમ્બરેલા ઓર્ગેનાઈઝેશન તરીકે સમગ્ર દક્ષિણ ગુજરાતની સદસ્ય ૪૫ જેટલી સંસ્થાઓના વિકાસ અને સહકારી માળખાને જીવંત રાખવા તેમજ સહકારની ઉદ્દેશ્યોની પૂર્તી માટે કાર્યરત સંગઠન છે.

દર વર્ષે સ્કોબા દ્વારા એની સદસ્ય એવી સમગ્ર દક્ષિણ ગુજરાતની ૪૫ જેટલી સંસ્થાઓને આગળ વધવા એના વિકાસ માટે સેમિનારો વિગેરેનું આયોજન કરવા સાથે સદસ્ય બેંકોના ગત વર્ષના પરફોર્મન્સ ઉપર કેટલાક વિષયોને લઈને સર્વે થયો હતો જેમાં પંચશીલ બેંકની વિગતો નીચે મુજબ છે.

ધી પંચશીલ મર્કન્ટાઈલ કો-ઓપરેટીવ બેંક લી. આજે ૩૭ કાયમી અને કોન્ટ્રાકટ હેઠળના કર્મચારીઓ સાથે હેડ ઓફિસ સહિત કાર્યરત ૬ બ્રાંચો સાથે ૫૦ વર્ષથી સહકારી ક્ષેત્રે કાર્યરત છે.

૩૧-૦૩-૨૦૨૨ ના રોજ પંચશીલ બેંકની ડીપોઝીટ- ૮૬.૨૭ કરોડ /એડવાન્સીસ- ૪૦.૩૫ કરોડ કુલ ૧૨૬.૬૨ કરોડ

તો ૩૧-૦૩-૨૦૨૩ ના રોજ ડીપોઝીટ ૯૫.૨૯ કરોડ / એડવાન્સીસ - ૪૦.૫૭ કરોડ - કુલ બીઝનેસ ૧૩૫.૮૬ કરોડ છે. આમ ગત એક વર્ષમાં કુલ ગ્રોથ ૯.૨૪% રહ્યો છે.

૦૧૦૦ થી ૧૦૦૦ કરોડની રેન્જમાં આવતી સુરતની બેંકોમાં ૫૨૦૦૦ કરોડ માં ૦.૨૬% નો હિસ્સો ધી પંચશીલ મર્કન્ટાઈલ કો-ઓપરેટીવ બેંક ધરાવે છે.

પંચશીલ બેંકની બ્રાંચ કક્ષાએ પ્રોકેટીવીટી ડીપોઝીટ ક્ષેત્રે ૧૫.૮૮% અને એડવાન્સીસ ક્ષેત્રે ૦૬.૫૭% છે.

બ્રાંચ વાઈઝ કુલ બિઝનેસ ૨૨.૪૫%

**સેકટર 1 માં Total Business Growth & Expansion ક્ષેત્રે પંચશીલ બેંકને પ્રથમ ક્રમે વિનર થવા બદલ સ્કોબા એવોર્ડ.**




**૧૫મા સ્કોબા એવોર્ડ વિતરણ સમારંભમાં એવોર્ડ સ્વીકારતા ધી પંચશીલ મર્કન્ટાઈલ કો-ઓપ. બેંક લી. ના હાલ ચેરમેન શ્રી એડવોકેટ મયુર ચૌહાણ. વાઈસ ચેરમેન શ્રી અજયકુમાર ચોકસી, મેનેજીંગ ડીરેકટર શ્રી સુરેશભાઈ પટેલ તેમજ જોઈન્ટ ડીરેકટર અને કેન્દ્ર સરકારના ટેક્ષટાઈલ અને રેલ્વે રાજ્યમંત્રી શ્રીમતી દર્શના જરદોશ**





## ગ્રાહકોનો અંતરનાદ

### ગત ૨૩ વર્ષથી લોન માટે દરેક ક્ષણે પંચશીલ બેંકનો સાથ.

### શ્રી નૈલેશભાઈ અને શ્રીમતી હિનાબેન પટેલ





૧૯૯૧માં ટેક્ષ્ટાઈલ ક્ષેત્રે જોબવર્ક કરતા હતા. ઉમીયાધામના માધ્યમથી ધી પંચશીલ મર્કન્ટાઈલ કો-ઓપરેટીવ બેંકના તત્કાલીન ચેરમેનશ્રી નરોત્તમભાઈ આઈ. પટેલના સંપર્કમાં હતા ત્યારે નેશનલાઈઝ બેંકમાં એકાઉન્ટ ચાલતું હતું. શ્રી નરોત્તમભાઈએ સૂચન કર્યું કે અમારી બેંકમાં આવી જાવ સર્વિસ અને ફેસીલીટી સારી મળશે સંબંધના આધારે પંચશીલમાં આવ્યા અને આજે ૩૦-૩૨ વર્ષથી સંબંધ અકબંધ અને અતૂટ છે.

પહેલી લોન ૧૯૯૧માં લીધી ત્યારે જોબવર્ક કરાવતા હતા. પણ પહેલી લોન લીધા પછી ધંધાના દરેક ક્ષણે બેંકના સહયોગ અને મદદથી પાછા વળીને જોવું પડયું નથી. તે સમયે બેંકોમાંથી લોન મેળવવી એ ખૂબ અઘરી હતી. ત્યારે પંચશીલ બેંક દ્વારા અમને ખુલ્લા મને આવકાર આપી ધિરાણ કરાયું હતું.

૩૬ મશીનથી શરૂઆત કરી ૭૦૦ મશીનોને બહાર જોબવર્કનું કામ આપતા હતા અને પંચશીલમાં ૨૫-૨૫ લાખની સીસી ચાલતી હતી. જયારે માર્કેટની સ્થિતી સારી હતી. પણ એવું ધ્યાનમાં આવ્યું કે આપણને મળતો ફાયદો - નફો આપણી મહેનત પર બીજાને લાભ થઈ રહ્યો છે ત્યારે વિચાર્યું કે આપણે પોતાની મશીનો લેવા જોઈએ જેથી એક જ એન્ટ્રી અને એક જ એકઝીટ હોય અને જે કંઈ નફો મળે તે સંપૂર્ણપણે આપણને મળે. વળી ત્યારે માર્કેટમાં એવું ચલણ શરૂ થયું હતું તે જેમની પાસે શેડ હતા અને મશીન પણ હતા તેઓ મશીન વેચીને શેડ ભાડે આપવા માંડયા અને ધીમે ધીમે શેડના ભાડા પણ વધવા માંડયા. આ પરિસ્થિતિમાં આગળ વધવા ફરી પંચશીલ બેંક મદદે આવી અને લોન લીધી. જેના પરિણામે ૨૦૧૫માં ૧૫૦ મશીન અને ૧૯ ટીએફઓથી કામ આગળ વધારી ધંધામાં એક મોટો કૂદકો માર્યો જેના પરિણામે હિંમતથી ધંધો કરવામાં અને સ્ટોક મેઈન્ટેઈન કરવામાં અનુકુળતા અને હિંમત વધી.

૨૦૧૯માં માર્કેટ ઠંડુ થયું હતું ત્યારે ફરી એકવાર પંચશીલની મદદથી આગળ સાહસ

...કરવાનું વિચાર્યું અને જે મશીન ૯૦૦૦૦ માં વેચાતા હતા તે મશીનો ૪૦૦૦૦ જેવી કિંમતે ૯૬ મશીનો વેચાતા લીધા એ એવા મશીનો હતા કે જે કામ તો કરે જ સાથે સાથે આખા જોબમાં પહેલું શરૂઆતનું કામ કરવા માટે પણ એ મશીનોની જરૂર પડે અને સંપૂર્ણ પણે ભારતીય મશીન હતા જે સ્ક્રેપમાં પણ મૂળકિંમત કરતા વધુ રકમ અપાવી જાય. જેને કદાચ કહેવા હોય તો પ્લેઈન લુમ્સ તરીકે ઓળખી શકીએ જે આજીવન કામ આપી શકે.

આજે પંચશીલના સાથ સહકારને પરિણામે લગભગ ૧૦ થી ૧૨ વખત લોન લીધી અને ૨૫ - ૨૫ લાખથી ૫૦ - ૫૦ લાખ સુધીની સીસી વાપર્યા પછી અને તમામ લોન સમયસર ભરપાઈ કર્યા બાદ સંબંધ વધુને વધુ ગાઢ બનતો જાય છે. જેને પરિણામે એક વિશ્વાસ છે કે ક્યારે પણ જરૂર પડે તો પંચશીલ બેંક આપણી સાથે ઊભી છે. જેથી ધંધામાં કોઈપણ પરિસ્થિતિ આવે હિંમતથી આગળ વધી શકીએ છીએ. આજે પાંચ થી સાડાપાંચ કરોડના ટર્નઓવર બાદ પણ બેંક સાથેનો સંબંધ અતૂટ છે.

બીજી વહીવટની વાત કરીએ તો એક ધંધાર્થી તરીકે નેશનલાઈઝ બેંકમાં પણ ખાતું ચલાવ્યું પણ જે તકલીફ ત્યાં પડી પછી પંચશીલ સાથેનો વ્યવહાર વધતો ગયો. કારણ ધંધામાં ચલણ છે કે જો ૧૦ દિવસમાં ચૂકવણું થાય તો ૧% ઓછું બીલ ચૂકવવું પડે છે. તેથી પંચશીલમાં ચેક કલીયરીંગમાં ભર્યા બાદ સાંજે બીજા વ્યાપારીને ચેક આપી શકીએ છીએ એક વિશ્વાસ સાથે કે આવતી કાલે ક્રેડીટ મળવાની જ છે જે બીજી નેશનલાઈઝ બેંકમાં ક્યારે કલીયરીંગ મળશે અને ક્રેડીટ મળશે તે નક્કી ન થતું હોવાથી સામે ચેક આપતી વખતે વિચાર કરવો પડે છે.

અન્ય શિડયુલ બેંકમાં ચાર્જીસને કારણે પણ કો-ઓપરેટીવ બેંક પર પસંદગી ઉતારવી હિતાવહ અને ધંધાની દ્રષ્ટિએ ફાયદાકારક છે. વળી હવે ૩૬૫ દિવસનું કલીયરીંગ શરૂ થયું ત્યારે પણ પંચશીલનો સ્ટાફ રજાને દિવસે પણ બેંકમાં કલીયરીંગના કામે આવતો હોવાથી બે-ત્રણ દિવસોની રજામાં પણ આર્થિક વ્યવહારો કરવામાં સાચવવામાં તકલીફ પડતી નથી.

**RBI કહે છે...**

**જાણકાર બનો, સતર્ક રહો...**

"તમારે તમારા બેંક ખાતા અને લોકર માટે
નોમિનેશન નોંધણી આવશ્યક છે.
નોમિનેશન દાવાઓની પતાવટ પ્રક્રિયા સરળ બનાવે છે."





## "CYBER CRIME, BIG BANKING CHALLENGE"

### સાયબર ક્રાઈમ એટલે શું?

સાયબર ક્રાઈમ એટલે કોઈપણ ગુનાહિત પ્રવૃત્તિ જેમાં મોબાઈલ, કોમ્પ્યુટર, લેપટોપ કે ટેબલેટ દ્વારા ઈન્ટરનેટના માધ્યમ વડે કોઈપણ પ્રકારની લાલચ, છેતરપિંડી, ધાક-ધમકી, નાણાંકીય ફ્રોડ, અપમાનજનક ભાષાનો પ્રયોગ, પાસવર્ડ કે અન્ય ડિજિટલ ડેટાની ચોરી કરવી જેમાં ગુના એટલે સાયબર ક્રાઈમ.

આજના ડીજીટલ યુગમાં ઈન્ટરનેટનો ઉપયોગ ફાયનાન્સીયલ, સોશીયલ તેમજ ઘણા વ્યાપારિક હેતુઓ માટે કરવામાં આવે છે. અને તમામ લોકો ઈન્ટરનેટ સાથે સંકળાયેલ છે.

ઈન્ટરનેટની મદદથી આજના ડીજીટલ યુગમાં નાગરિકો સરળ રીતે ઘરે બેઠા જ ઓનલાઈન નાણાંકીય વ્યવહાર કરી શકે છે તેમજ દુનિયાની કોઈપણ વ્યક્તિ સાથે સંપર્ક કરી શકે છે. જેથી કહી શકાય કે ઈન્ટરનેટે આપણું જીવન વધુ સુવિધાજનક બનાવ્યું છે.

### :: ડિજીટલ યુગના ફાયદાઓ ::

**ઝડપી કોમ્યુનિકેશન :**

ઝડપી કોમ્યુનિકેશન આજના ડિજિટલ યુગમાં દુનિયાની કોઈપણ વ્યક્તિ સાથે વિડીયો કોલિંગ, ઓડિયો કોલિંગ તેમજ એસ.એમ.એસ. ચેટ વગેરે તુરંત જ કરી શકીએ છીએ તે ખુબ જ સારી બાબત છે.

**મનોરંજન :**

ઈન્ટરનેટની મદદથી આપણે ઘરે બેઠા જ મનોરંજન પણ માણી શકીએ છીએ જેમ કે ફિલ્મો જોવા, નવા નવા વિડિયો જોવા, વેબ સીરીઝ વગેરે જેથી તેના માટે થિયેટર કે બીજે ક્યાંય જવાની જરૂર પડતી નથી.

**ઓનલાઈન શિક્ષણ :**

આજના ડિજીટલ યુગમાં ઓનલાઈન ક્લાસના માધ્યમથી પણ ઓનલાઈન શિક્ષણ મેળવી શકાય છે. તેનાથી સમયની, નાણાંની તથા ઉર્જાની બચત થાય છે.

### :: ડિજીટલ યુગના ગેરફાયદાઓ ::

**મહત્વના ડેટા અને માહિતીની ચોરી :**

અલગ અલગ ટેકનિકનો ઉપયોગ કરી તમને લાલચમાં લાવીને કે હેકર દ્વારા તમારી સીસ્ટમ હેક કરીને તમારી પર્સનલ માહિતી તેમજ ડેટા મેળવી લેતા હોય છે.

**વાયરસ હુમલા :**

કેટલાક વાયરસ પ્રોગ્રામ્સ ઈન્ટરનેટ દ્વારા આપણા કોમ્પ્યુટર પર મોકલવામાં આવે છે. જે આપણા કોમ્પ્યુટરને નુકશાન પહોંચાડે છે. અને આપણાં મહત્વપૂર્ણ ડેટાને બગાડે છે.

**ઈન્ટરનેટનો ખોટો ઉપયોગ :**

આજકાલ કેટલાક લોકો પછી તે બાળકો હોય કે વૃદ્ધ, ઈન્ટરનેટનો ખોટી રીતે ઉપયોગ કરવા લાગ્યા છે. જેના કારણે લોકોની વિચારસરણી બદલાઈ જાય છે અને તેઓ ખોટા માર્ગે ભટકી જાય છે.

**:: સાયબર ક્રાઈમ થવા પાછળના મુખ્ય કારણ ::**

**૧. માણસની માનસિકતા :**

*** ડર :**

નાગરિકો ઘણી વખત ડરમાં આવીને નાણાંકીય ચૂકવણી કરી દેતા હોય છે અથવા તો અજાણી લીન્ક પર ક્લિક કરી માહિતી આપતા હોય છે અને છેતરપિંડીનો ભોગ બનતા હોય છે.

*** લાલચ :**

નાગરિકો ઘણી વખત ઈનામ, ઓફર વિગેરે જેવા ખોટા મેસેજ કે લીન્કની લાલચમાં આવીને ખરાઈ કર્યા વગર ક્લિક કરી માહિતી તેમજ નાણાંની ચૂકવણી કરી છેતરપિંડીનો ભોગ બનતા હોય છે.

*** આળસ :**

નાગરિકો ઘણી વખત આળસમાં આવીને મેસેજ કે ઈ-મેઈલની ખરાઈ કર્યા વગર જ તુરંત જ માહિતી આપે છે અથવા તો પિન નંબર, ઓ.ટી.પી. વગેરે જણાવી છેતરપિંડીનો શિકાર બનતા હોય છે.

*** રેન્સમવેર / માલવેર :**

ટેક્નિકલ ભૂલ એટલે કે માણસની ભૂલ સિવાય પણ આપણી સિસ્ટમમાં કોઈ ટેક્નિકલ કારણોથી અચાનક રેન્સમવેર / માલવેર દાખલ થઈ જતા હોય છે જેના લીધે પણ સાયબર ક્રાઈમનો ભોગ બનતા હોઈએ છીએ.

*** હેકિંગ :**

હેકર દ્વારા ઘણી વખત આપણી જાણ બહાર સર્વરમાં દાખલ થઈ માહિતી મેળવી તેમજ એકાઉન્ટની વિગતો મેળવી છેતરપિંડી આચરવામાં આવે છે.





**:: સાયબર ક્રાઈમના પ્રકારો ::**

૧. સાયબર બુલીંગ
૨. સાયબર સ્ટોકીંગ
૩. હેકિંગ
૪. સોશીયલ મીડિયા ફ્રોડ
૫. ડેટા થેફ્ટ
૬. માલવેર / રેન્સમવેર
૭. ફાયનાન્સીયલ ફ્રોડ

**૧. સાયબર બુલીંગ :**

- ન્યૂડ વિડીયો કોલિંગ ફ્રોડ (Sextortion), ફોટો મોર્ફીંગ, મેટ્રીમોનિયલ ફ્રોડ અને ફ્રેન્ડશીપ કલબ ફ્રોડ પણ સાયબર બુલીંગમાં થાય છે.
- કોઈપણ વ્યક્તિ દ્વારા કોઈપણ વ્યક્તિને ઈલેક્ટ્રોનિક સંદેશા વ્યવહારનો ઉપયોગ કરી ધમકાવવા, ડરાવવા, અપમાન કરવા કે ઉતારી પાડવા, મજાક ઉડાવવાના હેતુથી મેસેજ, વિડીયો, ફોટા મોકલવામાં આવે તેને સાયબર બુલિંગ કહે છે.
- સોશીયલ મીડિયા આજની દુનિયામાં, ભારતનો લગભગ દરેક યુવક વિવિધ પ્રકારના સોશીયલ મીડિયામાં સક્રિય છે. આવી સ્થિતિમાં કોઈપણ વ્યકિત છોકરા કે છોકરીને માનસિક રીતે પરેશાન કરે છે.

**૨. સાયબર સ્ટોકીંગ :**

- કોઈ વ્યકિત દ્વારા કોઈપણ વ્યકિતનો ઈલેક્ટ્રોનિક માધ્યમનો ઉપયોગ કરી પીછો કરી, સોશિયલ મીડિયા પરની દૈનિક પ્રવૃત્તિઓ જાણી, તેની વ્યકિતગત માહિતી એકત્રિત કરી ઈમેઈલ, સોશિયલ મીડિયા, ચેટરુમ, ઈન્ટરનેટ મેસેજીંગ દ્વારા પરેશાન અથવા ધમકી આપવા જેવી કાર્યવાહી કરવામાં આવે તેને સાયબર સ્ટોકીંગ કહે છે.

**૩. હેકિંગ :**

- આઈડેન્ટિટી થેફ્ટ પણ હેકિંગનો જ એક પ્રકાર છે.
- હેકિંગ એ એવી પદ્ધતિ છે કે જેના દ્વારા ગુનેગાર તમારી પરવાનગી વગર તમારી અંગત માહિતી ચોરી લે છે.
- જેનો ઉપયોગ તે તમને નુકશાન પહોંચાડવા અથવા તમારી મહત્વપૂર્ણ માહિતી અન્યને વેચવા માટે કરે છે. આ સિવાય હેકર તમારા સોશિયલ મીડિયાને સોફ્ટવેર દ્વારા હેક કરે છે.

- હેકિંગ દ્વારા તમારા મોબાઈલ અને કોમ્પ્યુટરમાંથી તમારી પરવાનગી વગર ગુપ્ત માહિતી મેળવી છેતરપિંડી આચરે છે.

**૪. સોશિયલ મીડિયા ફ્રોડ :**

- બનાવટી લીન્ક (ફીશીંગ લીન્ક) પણ આનો જ પ્રકાર છે.
- આજકાલ લોકો સોશિયલ મીડિયાનો ભરપૂર ઉપયોગ કરી રહ્યા છે. કોઈ વેપાર માટે તો કોઈ મનોરંજન માટે, કોઈ ગપસપ કરવા માટે તો કોઈ નવા નવા મિત્રો બનાવવા માટે વોટ્સએપ, ફેસબુક, ઈન્સ્ટાગ્રામ, ટવીટર, યુટયુબ જેવા સોશિયલ મીડિયા પ્લેટફોર્મ વડે સતત એકબીજાના સંપર્કમાં રહેતા હોય છે.
- પરંતુ અહીં પણ તમારી સાથે છેતરપિંડી કરવા માટે ઘણા અસામાજિક તત્ત્વો તમને મુશ્કેલીમાં મૂકી શકે છે.
- જેમ કે, સોશિયલ મીડિયા પર અન્ય વ્યકિતના નામે ફેક પ્રોફાઈલ બનાવવી / પ્રોફાઈલ પેજ હેક કરવા.
- અન્ય કોઈ વ્યકિતના ફોટો કે વિડીયો બિનઅધિકૃત રીતે અપલોડ કરવા.
- બીભત્સ ભાષા, સાહિત્ય કે પોર્નોગ્રાફી, ફેક ન્યૂઝ કે ખોટી અફવા ફેલાવવી.
- ધર્મ, જાતિ, ભાષા કે પ્રાંતને નિશાન બનાવી અન્યની લાગણીને ઠેસ પહોંચાડવી તેમજ તે પ્રકારની માહિતી, ફોટા કે વિડીયો અપલોડ કરવા, ટેગ અથવા શેર કરવું પણ ગંભીર ગુનો બને છે.

**૫. ડેટા થેફ્ટ :**

- એકદમ સરળ શબ્દોમાં કહીયે તો, કોઈપણ વ્યકિતનો અંગત ડેટા, સંસ્થા, પ્રાઈવેટ કંપની કે સરકારી એકમોનો ડેટા વેબસાઈટ, કોમ્પ્યુટર, પેનડ્રાઈવ, ઈ-મેઈલ આઈ.ડી.ના માધ્યમથી ડેટા ચોરી કરવામાં આવે છે, જેને ડેટા થેફ્ટ કહેવાય છે.

**૬. માલવેર / રેન્સમવેર :**

- માલવેર / રેન્સમવેર એક પ્રકારનો દુષિત સોફ્ટવેર છે. જે આપમેળે જ ઈન્ટરનેટ અને ઈમેલથી તમારા કોમ્પ્યુટરમાં આવી જાય છે, જેના કારણે કોમ્પ્યુટરની તમામ ફાઈલ્સ એન્ક્રિપ્ટ થઈ જાય છે.
- આ વાયરસ તમારી સિસ્ટમની અમુક ફાઈલ કે ફોલ્ડર, જે તમે રોજ યુઝ કરતા હોવ, તે શોધે છે.
- તે કોમ્પ્યુટરમાં ફીક્વન્ટલી યુઝ્ડ ફાઈલ અને લાસ્ટ મોડીફાઈડ ફાઈલ ચેક કરે છે અને તે ફાઈલનું ફોર્મેટ ચેન્જ કરી નાખે છે.





- આ કારણે જ્યારે તમે તે ફાઈલ કે ફોલ્ડર ફરીથી ઓપન કરવા જાઓ તો ખોલી નહીં શકો. ઘણા કિસ્સાઓમાં યુઝર્સ પોતાની ફાઈલ-ફોલ્ડર શોધી પણ નથી શકતા. આની પાછળનું કારણ છે માલવેર / રેન્સમવેર વાયરસ.
- માલવેર / રેન્સમવેર વાયરસની કોઈ એક પેટર્ન નથી. તે અલગ અલગ સર્વરથી, અલગ અલગ લીન્કથી તમારી સીસ્ટમ, સર્વર કે ડિવાઈસ પર હાવી થઈ શકે છે.

**૭. ફાયનાન્સિયલ ફ્રોડ :**

- પહેલાના સમયમાં હાથમાં છરી જેવા હથિયાર લઈને અસામાજીક તત્ત્વો લૂંટ ચલાવતા, પરંતુ હવે તમારા ડેબિટ કાર્ડ કે ક્રેડિટ કાર્ડમાં આયોજનપૂર્વક ઓટીપી (વન ટાઈમ પાસવર્ડ) ના માધ્યમથી લાખો-કરોડો રૂપિયાની ઉઠાંતરીના કિસ્સાઓ સામે આવ્યા છે.
- નાગરિકોને ફોન ઉપર બેન્ક મેનેજર / કર્મચારી કે આરબીઆઈ ના અધિકારી હોવાની નકલી ઓળખ આપીને વિશ્વાસ કેળવી તેમના મોબાઈલ ફોન પર આવેલા ઓટીપી ઉપરાંત ડેબિટ / ક્રેડિટ કાર્ડ જેવી મહત્ત્વપૂર્ણ માહિતી મેળવી નાગરિકોના ખાતામાંથી રકમ ઉપાડી લેવામાં આવે છે.

**OTP / SVV / PIN નંબર મેળવી થતા ફ્રોડ :**

- નાગરિકોને ફોન દ્વારા બેન્ક મેનેજર કે બેન્ક કર્મચારી તરીકેની ઓળખ આપી કેવાયસી અપડેટ કરવા, ક્રેડિટ કાર્ડ એક્ટીવેટ કરવા માટે, બેન્ક એકાઉન્ટ બંધ થઈ જશે તેવા અલગ અલગ રીતે લાલચ, ભય કે ખોટી માહિતી આપીને વિશ્વાસ કેળવીને નાગરિકોની ડેબિટ કાર્ડ / ક્રેડિટ કાર્ડ સંબંધી માહિતી અને ઓટીપી / સીવીવી / પીન નંબર મેળવી અથવા તો Anydesk, Quik Support, Team Viewer જેવી એપ્લિકેશન ડાઉનલોડ કરાવી છેતરપિંડી કરવામાં આવે છે.

**OTP આપ્યા વગર થતા ફ્રોડ (કાર્ડ ક્લોનિંગ)**

- એટીએમ મશીન / રેસ્ટોરન્ટ / પેટ્રોલ પંપ પર તેમજ ઘણા સ્થળોએ POS મશીનમાં સ્કિમર લગાડયા હોય છે. જે તમારા ડેબિટ કાર્ડ / ક્રેડિટ કાર્ડનું ક્લોનિંગ કરી તમારો ડેટા મેળવી લે છે અને તમારા દ્વારા નાંખવામાં આવેલ પીન નંબર જોઈ લીધા બાદ સ્કિમર મશીનથી ડેબિટકાર્ડ / ક્રેડિટ કાર્ટ બનાવી નાણાંકીય છેતરપિંડી કરવામાં આવે છે.

**ઈન્સ્ટન્ટ લોન એપ્લિકેશન ફ્રોડ :**

- જરૂરિયાતમંદ લોકો જ્યારે ઓનલાઈન લોન અંગે સર્ચ કરે છે ત્યારે ઓનલાઈન ઘણી બોગસ ઈન્સ્ટન્ટ લોન એપ્લિકેશન ઓછા દસ્તાવેજ ઉપર નાની રકમની ઈન્સ્ટન્ટ લોન ઓફર કરે છે. એપ્લિકેશન ડાઉનલોડ કરતા સમયે તેઓ તમામ મોબાઈલની ગેલેરી, ફાઈલો, કોન્ટેકટ લીસ્ટ બધું એકસેસ કરવાની પરિમશન માંગે છે. જે પરમિશન એલાઉ

કરતા જ તેઓ પાસે આપનો ડેટા જતો રહે છે. ત્યારબાદ તેઓ તમોને વ્યાજ સાથે રકમ અઠવાડિયામાં ભરવા જણાવે છે અને સાથે તમારા ફોટા મોર્ફ કરી તમારા કોન્ટેક્ટ લીસ્ટના લોકોને મોકલી આપે છે અથવા ફોન કરે છે અને આપણે હેરાન - પરેશાન કરે છે.

- લોન ફોડમાં સાયબર ક્રિમિનલ્સ લોન મેળવવા ઈચ્છુક લોકોને કરેલ ઓનલાઈન ઈન્કવાયરીના ડેટાને આધારે સીધો ફોન દ્વારા સંપર્ક કરી અથવા સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર જુદી જુદી બેન્કમાંથી ઓછા વ્યાજે લોન આપવાની લોભામણી જાહેરાતો મૂકી સ્કીમ આપી રજીસ્ટ્રેશન, ટેક્સ, જીએસટી વગેરે ચાર્જ પેટે નાણાં પડાવી લેતા હોય છે.

**ઓનલાઈન સેલીંગ પ્લેટફોર્મ ફોડ :**

- સાયબર ગઠીયા ઓનલાઈન સેલીંગ પ્લેટફોર્મ જેવા કે OLX, Facebook Market Place એપ્લિકેશન દ્વારા ખરીદદાર બની કોઈપણ ભાવથી તમારી પ્રોડકટ ખરીદવા તૈયાર થાય છે.
- ત્યારબાદ તે પ્રોડકટ ખરીદવા માટે તમને નાણાં ચૂકવવાને બદલે, તેઓ યુપીઆઈ એપ દ્વારા "Request Money" નો ઉપયોગ કરે છે અને તેમના જણાવ્યા મુજબ કાર્યવાહી કરતા તમારા બેન્ક ખાતામાંથી નાણાં તેમના એકાઉન્ટમાં જતા રહે છે.
- ઓએલએક્સ, ફેસબુક માર્કેટ પ્લેસ જેવી એપ્લિકેશન પર સાયબર ગઠીયાઓ સેલર બની વસ્તુની સસ્તી કિંમતની એડ મૂકી આર્મીમેન બની બનાવટી આઈકાર્ડ બતાવી વિશ્વાસમાં લઈ કુરિયર કરવાના બહાને એડવાન્સ પેમેન્ટ કરાવી છેતરપિંડી કરે છે.
- ઓએલએક્સ, ફેસબુક માર્કેટ પ્લેસ જેવી એપ્લિકેશન પર સાયબર ગઠીયાઓ બાયર બની તમે ઊંચો ભાવ મૂકો તો પણ તુરંત જ ખરીદ કરવા તૈયાર થઈ જાય છે અને તમને નાણાંની ચૂકવણી કરવા માટે ફોડ સ્કેન કરવા તેમજ રીકવેસ્ટના માધ્યમનો ઉપયોગ કરી તમને નાણાં આપવાને બદલે મેળવી લેતા હોય છે.

**ફેક કોલ (Fishing Call) :**

- સાયબર ગઠીયાઓ ફોન કોલ કરી બનાવટી બેન્ક કર્મચારી / કંપની એક્ઝિક્યુટિવ / ઈન્સ્યોરન્સ એજન્ટ / સરકારી કર્મચારી બની તમારી માહિતી જેવી કે નામ, જન્મ તારીખ વગેરે જણાવી વિશ્વાસમાં લઈ તમારી બેન્કની વિગતો મેળવી લે છે.
- ઘણા કિસ્સાઓમાં આવા કોલ કરી તમારું એકાઉન્ટ બંધ થઈ જશે, પેનલ્ટી લાગશે, એકાઉન્ટ એક્ટિવ કરવું પડશે, તેમજ સિમ કાર્ડ બંધ થઈ જશે તેમ કહી નાણાંકીય છેતરપિંડી કરે છે.





## સાયબર ફ્રોડથી બચવા ધ્યાનમાં રાખવા જેવી બાબતો.

- અજાણ્યા લોકોની કોઈપણ પ્રકારની ફ્રેન્ડ રીકવેસ્ટ સ્વીકારશો નહીં અથવા મોકલેલ લીંક પર કલીક કરશો નહીં કે ડાઉનલોડ કરશો નહિં.
- ઓનલાઈન સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ પર તમારી અંગત માહિતી કે ફોટા શેર કરશો નહિં.
- ઓનલાઈન કંઈપણ પોસ્ટ કરતા પહેલા બે વાર વિચારવું જોઈએ કે આ પોસ્ટ કરવાથી ફાયદો કે નુકશાન શું છે.
- જો તમે સાયબર બુલિંગના ભોગ બનો તો તુરંત જાણકાર વ્યકિતને વાત કરી સલાહ લો.
- સોશ્યલ મિડીયા પ્રોફાઈલ પ્રાઈવેટ અને લોક રાખો.
- જો તમારી સાથે આવું કંઈક થાય તો તમારો સંપર્ક જે તે ફ્રોડ કરનારી વ્યકિત કરી શકે નહીં તે માટે વોટ્સએપ અને સોશ્યલ મિડીયા એકાઉન્ટ બંધ રાખવું.
- કોઈપણ ધમકીથી ગભરાઈને કોઈપણ પ્રકારની નાણાંકીય લેવડ-દેવડ કરવી નહીં. શરમ કે સંકોચ રાખ્યા સિવાય સીધા પોલીસ વિભાગનો સંપર્ક કરવો જોઈએ.
- જો આપ મેટ્રીમોનીયલ સાઈટ ઉપર આપનું કે પરિવારના કોઈ યુવક-યુવતીનું રજીસ્ટ્રેશન કરાવો તો વિશ્વાસુ સાઈટ જોઈને જ કરાવો.
- તમારી દરેક એકટીવિટીને સોશ્યલ મિડીયા પર અપલોડ કરવાનું ટાળો.
- જાહેર સ્થળોની ફ્રી વાઈ-ફાઈ સુવિધાનો ઉપયોગ કરવાનું ટાળો.
- તમારો પાસવર્ડ ઓછામાં ઓછા આઠ અક્ષરોનો બનાવવા જોઈએ જેની અંદર એક કેપીટલ લેટર, સ્મોલ લેટર, ન્યુમેરિક નંબર અને સિમ્બોલનો ઉપયોગ કરવો.
- તમારા ડિજીટલ ઉપકરણ જેવા કે મોબાઈલ, કોમ્પ્યુટરમાં સિકયોરીટી કે એન્ટી વાયરસ સોફ્ટવેર રાખો. તેમજ તમામ એપ્લીકેશનને અપડેટ રાખો.
- તમારા સોશ્યલ એકાઉન્ટમાં ટુ સ્ટેપ વેરીફિકેશનનો ઉપયોગ રાખો.
- કોઈપણ લોભામણી જાહેરાત જોઈ લલચાવું નહીં પણ જે તે કંપનીની ઓફીશીયલ વેબસાઈટ પર જઈ તે જાહેરાતની ખરાઈ કરવી જોઈએ.
- પોર્નોગ્રાફી કે ચાઈલ્ડ પોર્નોગ્રાફી જોવી કે ઉતારવી કે ડાઉનલોડ કે ફોરવર્ડ કરવી નહિં.
- સોશ્યલ મિડીયાનો કોઈપણ મેસેજ સમજ્યા કે ખરાઈ કર્યા વગર ફોરવર્ડ કરશો નહિં.

- જો ઓનલાઈન થયા હો ત્યારે કંઈ પણ અયોગ્ય દેખાય તો તરત એ વેબસાઈટ પરથી બહાર નિકળી જાવ અને જાણકારને જાણ કરી સલાહ લો.
- આપનો પાસવર્ડ થોડા થોડા સમયે બદલતા રહેવું જોઈએ.
- દિવસમાં એક વાર મોબાઈલ કે કોમ્પ્યુટર કે ટેબલેટ સંપૂર્ણ બંધ કરી ઉપકરણને રિસ્ટાર્ટ કરો.
- કોઈપણ ઓટીપી કે સીવીવી કે પીન નંબર અન્ય કોઈપણ વ્યકિત સાથે શેર કરશો નહિં.
- કેવાયસી ઓનલાઈન અપડેટ કરવામાં આવતું નથી જે માટે રૂબરૂ જ બોલાવવામાં આવે છે તેથી કોઈપણ વ્યકિત ફોન કે અન્ય પ્રકારે આ વિગત માંગે તો આપશો નહિં.
- એટીએમ મશીનમાં જતી વખતે એ મશીનમાં કોઈપણ પ્રકારના સ્કિમર લગાડેલા નથીને તે ચેક કરવું.
- એટીએમમાં આપના ઉપયોગ વખતે અન્ય કોઈપણ વ્યકિતને અંદર રાખશો નહિં.
- રેસ્ટોરન્ટ, પેટ્રોલપંપ પર પીઓએસ મશીન પોતાની પાસે મંગાવીને ચેક કરીને કાર્ડ આપવું.
- સિમકાર્ડ સંબંધિત માહિતી કે ઓળખ અન્ય કોઈ સાથે શેર કરશો નહિં.
- જો આપના મોબાઈલમાં નેટવર્ક સતત જતું રહેતું હોય તો ઓપરેટરનો સંપર્ક કરવો કે અન્ય કોઈ એ આપના સિમકાર્ડનું કલોનીંગ (ડુપ્લીકેટ બનાવેલ) કરેલ નથી ને.
- રીઝર્વ બેંક ઓફ ઈન્ડીયાની માન્યતા મળી હોય તેવી જ નાણાંકીય એપ્લીકેશન ડાઉનલોડ કરો.
- કોઈપણ એપ્લીકેશન ડાઉનલોડ કરતી વખતે કોન્ટેકટ અને ફોટો ગેલેરીનો એકસેસ કરવાની પરવાનગી આપવી નહિં.
- ઓનલાઈન પ્રોડકટ માટે નાણાંકીય વ્યવહારો કરતી વખતે સાવચેત રહેવું.
- હંમેશા નાણાં મેળવવા માટે તમારો પીન કે પાસવર્ડ કયાંય દાખલ કરવાની જરૂર નથી.
- જો કોઈપણ યુપીઆઈ અથવા અન્ય કોઈ એપ્લિકેશન તમને વ્યવહાર પૂરો કરવા તમારો પીન કે પાસવર્ડ માંગે તો તેનો અર્થ એ થાય કે તમે પૈસા મેળવવાને બદલે મોકલવાનું કાર્ય કરી રહ્યા છો.
- બેંક કે અન્ય કોઈ સરકારી, અર્ધસરકારી કે ફાયનાન્શીયલ ઈન્સ્ટીટયુટ તમારી સાથેના કોઈ વ્યવહાર માટે તમારો ઓટીપી કે પાસવર્ડ માંગતી નથી.





## WhatsApp પ્રાઈવેસી સેટિંગ :

**Make sure you are logged out from not in use device**

- Go to Three Dots > WhatsApp Web > Log Out from all Devices

**Always use Two-step verification**

- Go to Setting>Account>Two-Step Verification

**Do hide your last seen**

- Go to Setting> Account>Privacy>Last Seen>Nobody

**Hide your profile picture and about**

- Go to Setting> Account>Privacy>Profile Picture/About> Nobody/ My contacs

**Do turn off Read Receipts**

- Go to Settings> Account>Privacy>Read Receipts

**Do change the setting of group chat so that no one unknown can add you.**

- Go to Settings> Account>Privacy>Groups>My Contacts

## Facebook પ્રાઈવેસી સેટિંગ :

**Make sure to Logout on Unwanted Device**

- Go to Setting & privacy>setting>Security & login

**Always use two factor Authentication**

- Go to Setting & privacy>Setting>security & Login> Two factor Authentication

**Make sure you have set up Login Alerts**

- Go to Setting & Privacy> Setting> Security & Login> Get Alerts about unrecognized Login

**Make sure you are using safe browsing**

- Go to Setting & privacy> Setting> profile locking

**Do lock your profile**

- Go to Setting & privacy> Setting>Profile Locking

**Do turn on the face recognition feature**

- Go to Setting & privacy> Setting> face recognition

**Instagram પ્રાઈવેસી સેટિંગ :**

**Do setup Two-step Verification**

- Go to Setting> Security> Two-factor Authentication

**Make sure you have a private Account**

- Go to Setting> Privacy> Privacy Account( make it on)

**Choose wisely who can Tag you**

- Go to Setting>Privacy> tags( Turn on Manually approve Tags )

**Don't get yourself in suggestions to other people**

- Go to Settings> Account> Contacts Syncing

**Do remove access on unnecessary Apps & Websites**

- Go to Setting> Security> Apps & websites

**Don't let people know your active status**

- Go to setting>Privacy> Activity status (turn it off)

**Snapchat પ્રાઈવેસી સેટિંગ :**

**Enable Two-factor authentication**

- Go to your Profile> Settings,then tap the button beside SMS Verification to turn it on





**Make sure who can Contact You**

- To do this, go to settings, look for the contact me option under the Who can... Heading, and tap my friends so a checkmark appears next to it.

**Select who you want to see your stories**

- Go to Settings Scroll down to the View My story. Then, you can select Everyone, My Friends or build a custom list.

**Hide Yourself from the Quick Add Section**

- Profile >Settings (gear icon) and selecting See Me in quick add.

**''નસીબ બચાવે કોઈકવાર, સુરક્ષા બચાવે વારંવાર''**

સાયબર ક્રાઈમ ફરિયાદ માટે : **1930**

**NCCRP પોર્ટલ : www.cybercrime.gov.in**

વધુ જાણકારી માટે :

**@Gujaratcybercrimecell** અને **@CyberGujarat**

ને ફોલો કરો, લાઈક કરો અને સબસ્ક્રાઈબ કરો.

**જમીની સ્તરના લોકોની આર્થિક સહભાગીતા વધારવામાં સહકારી બેંકોની અવ્વલ ભૂમિકા.**

# ગ્રાહકોનો અંતરનાદ

## ૬ (છ) લાખની લોનની પંચશીલ બેંકએ કિંમત આપી. ૧ (એક) કરોડની લોન લેવા માટે સક્ષમ બનાવ્યા...

### શ્રી નરેશભાઈ લખાણી



૨૦૦૨થી જોબવર્ક દ્વારા એમ્બ્રોઈડરી ક્ષેત્રે કામ શરૂ કર્યું. એક મશીનથી શરૂઆત કરતા પહેલા ૨૦૦૨ થી ૨૦૦૬ના સમયમાં અન્ય ઉદ્યોગપતિને ત્યાં અનુભવ મેળવવા માટે કાર્મ કર્યું. પંચશીલ બેંકના તત્કાલીન ચેરમેનશ્રી બાબુભાઈ પટેલના સંપર્કથી પંચશીલ સાથે સંપર્કમાં આવ્યા. જ્યારે કોઈ સાથે ઊભું રહેવા તૈયાર ન્હોતું ત્યારે બાબુભાઈએ હિંમત આપીને ધંધામાં ઝંપલાવવા માટે પ્રોત્સાહિત કરી કહ્યું કે, "તમને પૈસાની જરૂર હોય તો પંચશીલ બેંક તમને લોન આપશે." ૧ મશીન માટે ૬ લાખ જેવી રકમની લોન લઈ ધંધો શરૂ કર્યો.

ત્યારબાદ સતત ૩ વર્ષે નવી ટેકનોલોજી અને નવા સંશોધનો સાથેની મશીનરી ને ઉમેરતા ગયા અને જૂના મશીનો થાય તેમ કાઢતા ગયા. અત્યાર સુધી ૧૦ થી ૧૧ વાર લોન લીધી છે. દરેક વખતે સુમેળભર્યા વાતાવરણ અને પ્રેમભર્યો આવકાર મળતો જ ગયો. છેલ્લી લોન ૨૦૨૧માં ૬ નવા મશીનો લેવા લગભગ ૧ કરોડની રકમની લોન મેળવી છે. આજે ૫ કરોડનું ટર્નઓવર ધરાવે છે. એટલું જ નહિં પણ પોતાના ફીનીશ્ડ પ્રોડકટને વેચવા માટે એમ્બ્રોઈડરી મટીરીયલની દુકાન પણ ધરાવે છે. આજે લગભગ ૮ ફર્મ ધરાવતા સાથે બી.આર. ગ્રુપ સુરતમાં નામના મેળવી રહ્યા છે.

પંચશીલમાં લોન મેળવવા સામાન્યમાં સામાન્ય વ્યકિતને કોઈ પરિચય, ડીરેકટરોનો પરિચય કે સ્ટાફના કોઈ વ્યકિતનો પરિચય કે પછી કોઈ એજન્ટની જરૂરિયાત નથી એવો આજ સુધીનો લગભગ ૨૦ વર્ષનો અનુભવ રહ્યો છે. લોન ઈમીજીએટ - એજન્ટ વિના - અને ઝડપથી કામ થાય છે. પીએમઈજીપી યોજનાની કોઈ ફાઈલ હોય તો સમયસર લોન અર્જન્ટ અને ૮ થી ૧૦ દિવસમાં પણ લોન થઈ છે.

એમના દ્વારા સૂચન કરાયું કે લોન માટે પ્રોપર્ટી માટે પેપર્સ આપ્યા પછી ૬૫ ટકાની વેલ્યુ સામે પંચશીલ માર્કેટ વેલ્યુના ૮૦ ટકા લોન આપે છે. એવા સમયે મોટી લોન મેળવતી વખતે તકલીફ પડે છે. જો આ અંગે યોગ્ય વિચાર કરાય તો મોટી લોન માટે પણ બીજે નજર દોડાવવી ન પડે.





# ગ્રાહકોનો અંતરનાદ

## અમારા પ્રોગ્રેસમાં પંચશીલ બેંકનો મહત્ત્વનો ફાળો

### શ્રી વિમલભાઈ પટેલ

**નિલકંઠ-અક્ષર-વર્ણી ટેક્ષ્ટાઈલ્સ :**



આજે ૭ ફર્મ ધરાવતું, સ્ટોકમાં આજે ૧૨ થી ૧૫ લાખ મીટરનું કાપડ ધરાવતું. અને ૧૮ થી ૨૦ કરોડનું ટર્ન ઓવર ધરાવતું ગ્રુપ એટલે નિલ્કંઠ-અક્ષર-વર્ણી ગ્રુપ એક સમયે ધંધાની શરૂઆત કરવાના હતા ત્યારે એટલે કે, ૨૦૧૫માં એકદમ નવા ઉદ્યોગપતિ તરીકે ટેક્ષ્ટાઈલ મેન્યુફેકચરીંગ એટલે કે કાપડ વણાટના ક્ષેત્રે ઝંપલાવવાનું વિચાર્યું ત્યારે કુલ ૧૧ માંથી ૬ પાર્ટનર એકદમ નવા હતા અને રીટર્ન પણ તે સમયે બે વર્ષના એકસાથે ભરેલ હોવાને કારણ જાહેર બેંકો લોન આપવા તૈયાર ન હતી. જાહેર બેંકો ત્યારે નવા રીટર્ન ઉપર લોન આપતી નહોતી તેથી સહકારી બેંક સિવાય આરો નહોતો. તેવા સમયે શ્રી બાબુભાઈ પટેલના સંપર્કને કારણે ધી પંચશીલ મર્કન્ટાઈલ કો-ઓપરેટીવ બેંક સાથે સંબંધ બંધાયો. એકદમ નવું ગ્રુપ અને ઓછો અનુભવ ધરાવતા વ્યાપારી તરીકે લગભગ નકકી હતું કે કોઈ મોટી બેંક આપણો હાથ પકડવાની નથી, ત્યારે શ્રી બાબુભાઈએ હાથ લંબાવી વિશ્વાસ મુકી ત્રણ ખાતામાં ૨૫ લાખની સીસી અને ત્રણ ખાતા વચ્ચે સવા કરોડની લોન આપી અને આ ગ્રુપને દોડવા માટે ઢાળ મળી ગયો ત્યાર પછી આ ગ્રુપે ધંધામાં પાછળ વળીને જોયું નથી. પહેલીવારની લોન લીધા બાદ બીજીવાર પણ તેઓ લોન માટે પંચશીલમાં આવ્યા પણ તેમને જે રકમ જોઈતી હતી તે રકમનું લોનનું પંચશીલનું એકસપોઝર ન હોવાને કારણે તેમણે બીજી બેંકમાં જવું પડયું તે પણ હકીકત છે.

ધંધામાં અનેક તડકી છાંયડીનો અનુભવ કરીને આજે એક સ્થિર ધંધાકીય મુકામે હોવાનું શ્રેય તેઓ પંચશીલ દ્વારા પહેલીવારના મુકાયેલા વિશ્વાસને માને છે. આજે પણ પંચશીલમાં તેમની સીસી ચાલુ છે ત્રણ ખાતામાં ૩૫ લાખની સીસી ધરાવતા નિલકંઠ-વરણી અને અક્ષર ખાતું આજે કાપડવણાટ ક્ષેત્રે નવા ખેડાણો ખેડી રહ્યું છે.

શરૂઆતના સમયે પહેલી લોન જયારે પંચશીલમાંથી લીધી ત્યારે ૨૨૬ મશીનો લીધા હતા. ૨૦૦૦ તાકાનું કાપડ જે અંદાજે ૨ થી ૩ લાખ મીટર કાપડથી શરૂ કરેલી ફર્મ આજે ૫૦૦

મશીનો સાથે ૧૨ થી ૧૫ લાખ મીટર કાપડ પોતાના સ્ટોકમાં રાખે છે. આજે ૧૮ થી ૨૦ કરોડનું ટર્નઓવર ધરાવે છે. આજે પણ પંચશીલ સાથેના સંબંધો અકબંધ હોવા પાછળ સ્ટાફ અને કર્તાહર્તાઓનું સંબંધ સાચવવાનું વર્તન જવાબદાર છે એવું તેઓ માને છે. તેઓ એક જાહેર બેંક સાથેનો સંબંધ શેર કરતા જણાવે છે કે મારા જે તે બેંકના ખાતામાંથી વીમાની રકમ કપાઈ ગઈ મેં રજૂઆત કરી તો મને મેઈલ કરવા જણાવ્યું પણ એક મહિનો થવા છતાં મને કોઈ જવાબ નથી મળતો આની સામે જો પંચશીલ બેંક હોત તો મને તે દિવસે સાંજે જ રજૂઆત કરી કે તરત જવાબ મળી ગયો હોત. પ્રાઈવેટ બેંકો ગ્રાહકોને સમજવાને કે સહકાર આપવાને બદલે ગ્રાહક અને વ્યાપારી તરીકે ગણે છે એટલે બધું યાંત્રિક ઢબે કામ થતું હોય છે જ્યારે પંચશીલમાં એક પરિવાર જેવો સંબંધ જાળવવાનો પ્રયાસ સ્ટાફ દ્વારા થતો હોય છે.

## લોન પર આકર્ષક વ્યાજ દરો

| લોનના પ્રકાર | વ્યાજ દર |
|---|---|
| જાતજામીન લોન | 12.00 % થી શરૂ |
| PMEGP સામે લોન | 09.50 % |
| NSC / KVP / RBI GOVT. BOND સામે લોન | 11.00 % |
| હાઉસીંગ લોન (ગૃહ લોન) | 09.50 % |
| મા.પ્રધાનમંત્રી આવાસ લોન | 10.00 % |
| માલ સ્ટોક સામે કેશ ક્રેડીટ | 09.00 % |
| અન્ય હેતુસર મિલ્કત સામે ધિરાણ (OD.TL) | 10.00 % |
| કાર લોન | 08.00 % |
| કોમર્શીયલ વાહન લોન | 09.00 % |
| ટુ-વ્હીલર લોન | 09.00 % |
| ઈ - વ્હીકલ | 08.00% |
| મશીનરી TUF અને TUF સિવાયની લોન | 09.00 % |
| સ્વ રોજગાર અને વ્યવસાયી વ્યક્તિઓને ધિરાણ (DIC-મશીનરી, ઈક્વીપમેન્ટ, ઓફીસ ફર્નીચર વિગેરે) | 09.50 % |
| સોલાર પેનલ | 08.50 % થી શરૂ |
| ગોલ્ડ લોન | 12.50 % |
| એફ.ડી. લોન | રસીદના દર કરતા 1.00 % વધુ વ્યાજ |
| એફ.ડી. ઓ.ડી. | રસીદના દર કરતા 1.00 % વધુ વ્યાજ |
| થર્ડ પાર્ટી એફ.ડી.લોન / ઓ.ડી. | રસીદના દર કરતા 2.00 % વધુ વ્યાજ |





''કૌશલ્ય લોન''

# પ્રધાનમંત્રી વિશ્વકર્મા યોજના

## પરંપરાગત કામગીરી કરતા તમામ કારીગરોને સહાય આપવાની યોજના:

આ યોજના હેઠળ ૧૮ પ્રકારના કારીગરોને સહાય આપવાનો સરકારશ્રીનો હેતુ છે. જેના દ્વારા હાથ અને ઓજાર દ્વારા કામગીરી કરનાર કારીગરો જે પાત્રતા ધરાવતા હોય તેને આ યોજનાનો લાભ આપવામાં આવશે.

## કોને લાભ મળશે?

(૧) સુથાર, (૨) લુહાર, (૩) કુંભાર, (૪) કડિયા, (૫) વાણંદ, (૬) દરજી, (૭) ધોબી, (૮) સોની, (૯) મોચી, (૧૦) માળી (ફુલોની માળા બનાવનાર, (૧૧) હથોડી અને ટુલકિટ બનાવનાર, (૧૨) શિલ્પકાર, (૧૩) નાવડી બનાવનાર, (૧૪) ઢિંગલી અને રમકડાંની બનાવટ (પરંપરાગત), (૧૫) સાવરણી બનાવનાર, (૧૬) માછલી પકડવાની જાળી બનાવનાર, (૧૭) તાળાં બનાવનાર, (૧૮) ચપ્પુ બનાવનાર

### યોજનાની પાત્રતા :

- ઉંમર લઘુતમ ૧૮ વર્ષ
- કુટુંબ દીઠ એક સભ્ય ને લાભ
- છેલ્લા પાંચ વર્ષમાં સ્વરોજગારી/વ્યવસાયિક વિકાસ માટે લોન લીધેલ ન હોવી જોઈએ.
- સરકારી નોકરી કરતી વ્યક્તિ અને તેના પરિવારના સભ્યો પાત્ર થશે નહિ.

### ડોક્યુમેન્ટ્સ :

- આધારકાર્ડ, બેંક ડીટેઈલ્સ, મોબાઈલ નંબર, રાશનકાર્ડ

### રજીસ્ટ્રેશન ક્યાં કરવાનું ?

- સીએસસી સેન્ટર, ઈ-ગ્રામ સેન્ટર તથા સેલ્ફ રજીસ્ટ્રેશન www.pmvishwakarma.gov.in પર કરવાનું રહેશે.

## યોજના અંતર્ગત લાભ :

- રજીસ્ટ્રેશન બાદ લાભાર્થીને પીએમ.વિશ્વકર્મા સર્ટીફિકેટ અને આઈ.ડી. કાર્ડ મળશે.
- કૌશલ્ય ચકાસણી પછી, લાભાર્થીઓને રૂા. ૧૫,૦૦૦/- ની ટુલકિટનો લાભ.
- રૂા. ૫૦૦/- ના સ્ટાઈપેન્ડ સાથે બેઝીક કૌશલ્ય તાલીમ આપવામાં આવશે.
- તાલીમ બાદ લાભાર્થીને ૧૮ મહિનાની મુદત માટે રૂા. ૧,૦૦,૦૦૦/- સુધીની કોલેટરલ ફ્રી લોન
- પ્રથમ લોન પૂર્ણ કર્યા બાદ સ્ટાઈપેન્ડ સાથે એડવન્સ કૌશલ્ય તાલીમ અને બીજી ૩૦ મહિનાના સમય ગાળા માટે રૂા. ૨,૦૦,૦૦૦/- સુધીની લોન.
- ૧૦૦ (માસિક) વ્યવહારો માટે રૂા. ૧/- પ્રતિ ડીજીટલ ટ્રાન્ઝેકશન દરે પ્રોત્સાહન તથા અન્ય લાભો.


## સંપર્ક :

નજીકના સીએસસી / ઈ-ગ્રામ સેન્ટર પર અથવા સેલ્ફ રજીસ્ટ્રેશન www.pmvishwakarma.gov.in પર કરી શકશે.

બેલ્જીયમ ટાવર, સીલ્વર પ્લાઝા કોમ્પલેક્ષ, નિરંજન મીલ કંપાઉન્ડ, રીંગરોડ, સુરત-૩૯૫૦૦૩.
ફોન : ૨૪૨૭૭૯૫, ૨૪૫૨૬૪૪, ૨૪૦૧૫૬૭   ફેક્સ : ૦૨૬૧-૨૪૨૭૬૯૦

''સંવેદના - સુરાજ્ય - સુશાસન''

# પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી સરકારની



## વિવિધ યોજનાઓ

૧. પ્રધાનમંત્રી જન ધન યોજના
૨. પ્રધાનમંત્રી આવાસ યોજના
૩. પ્રધાનમંત્રી સુકન્યા યોજના
૪. પ્રધાનમંત્રી મુદ્રા યોજના
૫. પ્રધાનમંત્રી જીવન જ્યોતિ વીમા યોજના
૬. પ્રધાનમંત્રી સુરક્ષા વીમા યોજના
૭. પ્રધાનમંત્રી પેંશન યોજના
૮. સાંસદ આદર્શ ગ્રામ યોજના
૯. પ્રધાનમંત્રી ફસલ વીમા યોજના
૧૦. પ્રધાનમંત્રી ગ્રામ સિંચાઈ યોજના
૧૧. પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ યોજનાઓ
૧૨. પ્રધાનમંત્રી જન ઔષધિ યોજના
૧૩. મેક ઈન ઈંડિયા
૧૪. સ્વચ્છ ભારત અભિયાન
૧૫. કિસાન વિકાસ પત્ર
૧૬. સોઈલ હેલ્થ કાર્ડ સ્કીમ
૧૭. ડિજિટલ ઈંડિયા
૧૮. સ્કિલ ઈન્ડિયા
૧૯. બેટી બચાવો, બેટી પઢાઓ યોજના
૨૦. મિશન ઈન્દ્રધનુષ
૨૧. દીનદયાળ ઉપાધ્યાય ગ્રામ જ્યોતિ યોજના
૨૨. કૌશલ્ય યોજના
૨૩. પં. દીનદયાળ ઉપાધ્યાય શ્રમેવ જયતે યોજના





૨૪. અટલ મિશન ફોર રેજુવેનશન એન્ડ અર્બન ટ્રાંસફોર્મેશન (અમૃત યોજના)
૨૫. સ્વદેશ દર્શન યોજના
૨૬. પિલ્ગ્રિમેજ રેજુવેનશન એન્ડ સ્પિરિચુઅલ ઓગ્મેન્ટેશન ડ્રાઈવ (પ્રસાદ યોજના)
૨૭. નેશનલ હેરિટેજ સિટી ડેવલપમેન્ટ એન્ડ અટલ પેંશન યોજના (હૃદય યોજના)
૨૮. ઉડાન સ્કીમ
૨૯. નેશનલ બાલ સ્વચ્છતા મિશન
૩૦. વન રેંક વન પેંશન સ્કીમ
૩૧. સ્માર્ટ સિટી મિશન
૩૨. ગોલ્ડ મોનેટાઈજેશન સ્કીમ
૩૩. સ્ટાર્ટઅપ ઈન્ડિયા, સ્ટેન્ડઅપ ઈન્ડિયા
૩૪. ડિજિલોકર
૩૫. ઈન્ટીગ્રેટેડ પાવર ડેવલપમેંટ સ્કીમ
૩૬. શ્યામાપ્રસાદ મુખર્જી અર્બન મિશન સાગરમાલા પ્રોજેકટ
૩૭. પ્રકાશપથ-વે ટૂ લાઈટ
૩૮. ઉજ્જવલ ડિસ્કોમ યોજના વિકલ્પ સ્કીમ
૩૯. નેશનલ સ્પોર્ટ્સ ટેલેન્ટ સર્ચ સ્કીમ
૪૦. રાષ્ટ્રિય ગોકુલ મિશન
૪૧. પહલ - ડાયરેક્ટ બેનિફિટ્સ ટ્રાન્સફર ફોર LPG (DBTL) કંઝ્યુમર્સ સ્કીમ
૪૨. નેશનલ ઈન્સ્ટિટ્યૂશન ફોર ટ્રાન્સફોર્મિંગ ઈન્ડિયા (નીતિ આયોગ)
૪૩. પ્રધાનમંત્રી ખનિજ ક્ષેત્ર કલ્યાણ યોજના
૪૪. નમામિ ગંગે પ્રોજેકટ
૪૫. સેતુ સાગર પ્રોજેકટ
૪૬. રિયલ એસ્ટેટ બિલ
૪૭. આધાર બિલ
૪૮. કલીન માય કોચ
૪૯. રાષ્ટ્રીય ગ્રામ સ્વરાજ અભિયાન (પ્રપ્રોઝ્ડ)
૫૦. પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના

## બેંકીંગ શબ્દ પરિચય

કેટલાક વ્યવહારો કે સંસ્થાઓ અથવા સીસ્ટમના આખા શબ્દોથી એનો અર્થ અને શું કાર્યવાહી થઈ રહી છે તે સમજાતું હોય છે. નાણાંકીય ક્ષેત્રમાં આજે એ લાંબા શબ્દો કે ઓળખને બદલે ટૂંકા અક્ષરો વાપરવામાં આવે છે જે પ્રચલિત થાય છે અને પ્રત્યેક વ્યક્તિના જીભે રમતા થાય છે. આવો એવા કેટલાક શબ્દોનો પરિચય મેળવીએ.

- ATM - AUTOMATED TELLER MACHINE
- NEFT - NATIONAL ELECTRONIC FUND TRANSFER
- UPI - UNIFIED PAYMENT INTERFACE
- RTGS - REAL TIME GROSS SETTLEMENT
- NBFC - NON BANKING FINANCE COMPANY
- CKYC - CENTRALISED KYC
- KYC - KNOW YOUR CUSTOMER
- UCB - URBAN CO-OPERATIVE BANK
- CERSAI - CENTRAL REGISTRY OF SECURITISATION ASSET RECONSTRUCTION & SECURITY INTEREST OF INDIA
- PMLA - PREVENTION OF MONEY LAUNDERING ACT
- RCS - REGISTRAR OF CO-OPERATIVE SOCIETY
- CRCS - CENTRAL REGISTRAR OF CO-OPERATIVE SOCIETY
- NACH - NATIONAL AUTOMATED CLEARING HOUSE
- NPCI - NATIONAL PAYMENT CORPORATION OF INDIA
- RBI - RESERVE BANK OF INDIA
- EMI - EQUATED MONTHLY INSTALLMENT
- DICGS - DEPOSIT INSURANCE & CREDIT GUARANTEE CORPORATION
- DBT - DIRECT BENEFIT TRANSFER
- AEPS - AADHAR ENABLE PAYMENT SYSTEM
- NPA - NON PERFORMING ASSETS
- CIC - CREDIT INFORMATION COMPANY
- GSTN - GOODS & SERVICE TAX NETWORK
- TIN - TAXPAYER IDENTIFICATION NUMBER
- PAN - PERMANENT ACCOUNT NUMBER





- FEMA - FOREIGN EXCHANGE MANAGEMENT ACT
- CBDC - CENTRAL BANK DIGITAL CURRENCY
- CRR - CASH RESERVE RATIO
- SLR - STATUTORY LIQUIDITY RATIO
- LCR - LIQUIDITY COVERAGE RATIO
- CTR - CASH TRANSACTION REPORT
- STR - SUSPICIOUS LIQUIDITY RATIO
- CCR - COUNTERFIT CURRENCY REPORT
- NTR - NON PROFIT ORGANISATION TRANSACTION
- NABARD - NATIONAL BANK FOR AGRICULTURE & RURAL DEVELOPMENT
- SIDBI - SMALL INDUSTRIES DEVELOPMENT BANK OF INDIA
- NHB - NATIONAL HOUSING BANK
- HUDCO - HOUSING & URBAN DEVELOPMENT CORPORATION LIMITED
- FAFT - FINANCIAL ACTION TASK FORCE
- NAFCUB - NATIONAL FEDERATION OF URBAN CO-OPERATIVE BANK & CREDIT SOCIETY LIMITED
- GUJFED - GUJARAT URBAN CO-OPERATIVE BANK FEDERATION
- CBDT - CENTRAL BOARD OF DIRECT TAXES
- CCIL - CLEARING CORPORATION OF INDIA
- ARC - ASSETS RECONSTRUCTION COMPANY
- CIBIL - CREDIT INFORMATION BUREAU OF INDIA LIMITED
- CPI - CONSUMER PRICE INDEX
- WPI - WHOLE SALE PRICE INDEX
- CRISIL - CREDIT RATIO & INVESTMENT SERVICE (INDIA) LIMITED
- FDI - FOREIGN DIRECT INVESTMENT
- SEBI - SECURITIES & EXCHANGE BOARD OF INDIA
- FI - FINANCIAL INSTITUTION
- FII - FOREIGN INSTITUTIONAL INVESTOR
- DCCB - DISTRICT CENTRAL CO-OPERATIVE BANK
- CCB - CENTRAL CO-OPERATIVE BANK
- DRT - DEBT RECOVERY TRIBUNAL
- HNI - HIGH-NET-WORTH INDIVIDUAL

- ECS - ELECTRONIC CLEARING SYSTEM
- ITP - INDEX OF INDUSTRIAL PRODUCTION
- NAV - NET ASSET VALUE
- GDP - GROSS DOMESTIC PRODUCTION
- IRAC - INCOME RECOGNITION & ASSETS CLASSIFICATION
- KCC - KISAN CREDIT CARD
- MICR - MAGNETIC INK CHARACTER RECOGNITION
- IFSC - INDIAN FINANCIAL SYSTEM CODE
- OTS - ONE TIME SETTLEMENT
- OTP - ONE TIME PASSWORD
- VRS - VOLUNTARY RETIREMENT SCHEME

## ''પંચશીલ બેંક પરિવારની અલભ્ય તસવીર''







# આરબીઆઈ (RBI) કહે છે તમારી બેંક નોટને ઓળખો




**૫૦૦ ની નોટની ઓળખ:**
મહાત્મા ગાંધી (નવી) શ્રેણીમાં ૫૦૦ મૂલ્યની નોટો પર ભારતીય રિઝર્વ બેંકના ગવર્નરની સહી હોય છે. આ નોટમાં દેશના સાંસ્કૃતિક વારસાને દર્શાવતી રીવર્સ પર લાલ કિલ્લાનું મોટિફ છે. નોટનો મૂળ રંગ સ્ટોન ગ્રે છે. નોટમાં અન્ય ડિઝાઈન બન્ને આગળ અને પાછળ અને ભૌમિતિક પેટર્ન છે. જે એકંદરે રંગ યોજના સાથે સંરેખિત છે.

**આગળના ભાગે :**
૧) (૫૦૦) અંકમાં
૨) (૫૦૦) અંકમાં
૩) દેવનાગરી લિપિમાં (૫૦૦)
૪) કેન્દ્રમાં મહાત્મા ગાંધીનું ચિત્ર
૫) ભારત અને INDIA સૂક્ષ્મ અક્ષરોમાં
૬) કલર શિફ્ટ વિન્ડો વાળો દોરો જે નોટ વાળતા લીલામાંથી વાદળી રંગમાં બદલાય છે.
૭) મહાત્મા ગાંધીનાં જમણે RBI ના ગવર્નરની સહી સાથે ગેરંટી કલોઝ, RBI ના એમ્બલમ સાથે
૮) મહાત્મા ગાંધીનું પોર્ટ્રેટ અને (૫૦૦) ઈલેક્ટ્રોટાઈપ અંકમાં વોટર માર્ક
૯) ઉપર ડાબી અને નીચે જમણી બાજુએ ચડતી સાઈઝના ફોન્ટમાં નંબર પેનલ
૧૦) જમણી બાજુ નીચે રંગ બદલતી શાહી (લીલાથી વાદળી) માં (૫૦૦) રૂપિયાના પ્રતિક સાથે
૧૧) જમણી બાજુ અશોક પિલર

દ્રષ્ટિહીન લોકો માટે કેટલીક સુવિધાઓ.
૧૨) ઉપસાવેલું મહાત્મા ગાંધીનું પોર્ટ્રેટ (૪ નંબર), અશોક સ્તંભ એમ્બ્લમ (૧૧) ગોળાકાર ઓળખ ચિન્હ જમણી અને ડાબી બાજુ પંચકોણીય આકાર.
૧૩) ડાબી બાજુ નોટનું છાપવાનું વર્ષ
૧૪) સ્વચ્છ ભારત લોકો અને સ્લોગન
૧૫) ભાષા પેનલ
૧૬) લાલ કિલ્લાનું મોટિફ
૧૭) દેવનાગરી લીપીમાં (૫૦૦) અંકમાં

# સહકારી બેન્કોની કાસા (CASA) અને લોન વધારવા માટે જીવંત માર્કેટીંગની સાથે સતત ફિલ્ડવર્ક જરૂરી છે.

## શ્રી અજીતપ્રકાશ આઈ. પારેખ



આપણે સૌ સારી રીતે જાણીએ છીએ કે જે કોઈ બેન્કમાં ચાલુ તેમજ બચત ખાતાંઓ વધુ પ્રમાણમાં મેળવ્યાં હોય, જેને આપણે 'કાસા' થાપણ કહીશું, તો તે બેન્કની નફાકારી - પ્રોફિટેબિલિટી વધારવામાં સહાયરૂપ થાય છે, કારણ કે કાસા થપણો લો-કોસ્ટ એટલે ઓછી ખર્ચાળ છે, જેના ઉપર વ્યાજનો ભાર, નિભાવ ખર્ચ લઘુત્તમ પાંચેક ટકાથી વધુ આવતો નથી, સમ્યક્ રેશિયો ૪૦% / ૬૦% નો ગણાય - ૪૦% કાસા અને ૬૦% મુદતી થાપણો.

તો ચાલો, આપણે જોઈએ કે કાસા થાપણો મેળવવા અને વધારવા શા પગલં લેવાં જોઈએ અને કેવી માર્કેટિંગ પદ્ધતિ અપનાવવી જોઈએ?

- બેન્કના દરેક કર્મચારીને સંસ્થાના દરેક ધ્યેયથી માહિતગાર કરવા, તાલીમ આપવી અને એ નક્કી કરવું કે તેમાંથી પાંચેકનું કયુ જૂથ માર્કેટિંગમાં કામ આવશે.
- ધ્યેયની દિશામાં આગળ વધવા વાર્ષિક લક્ષ્યાંકો તય કરવા આવશ્યક છે - થાપણ, ધિરાણ, નફો, શાખા તેમજ વ્યકિત દીઠના લક્ષ્યાંકો, વસૂલાત દ્વારા એનપીએઝ તેમજ બાકી બોલતા ધિરાણના લક્ષ્યાંકો - જે સ્પષ્ટ માપી શકાય અને વ્યવહારુ હોવા જોઈએ અને દરેક વર્ષે શરૂથી જ નકકી કરવા જોઈએ.
- જે કર્મચારીઓને અથવા તો આ કામ માટે ખાસ નિમણૂંક કરી હોય તેવા માર્કેટિંગના જાણકારોની બેન્કના ધ્યેય પદ્ધતિ અને બેન્કના લક્ષ્યાંકોનું સંપૂર્ણ જ્ઞાન આપવું જોઈએ.
- બેન્કોએ કરેલી સેવાઓ, તેની નાણાકીય પોલિસીઓ તેમજ તેની બ્રાન્ડ ઈમેજ અંગે પૂરતી જાહેરાતો કરવી જોઈએ, પેમ્ફલેટ્સ છપાવવા જોઈએ, હોર્ડિંગ્સ, બેનર્સ તેમજ છાપાઓમાં વાર - તહેવારે જાહેરાતો પ્રકાશિત કરવી જોઈએ, જેથી બજારમાં જતાં પહેલાં જ બેન્કની એક છબિ ઊભી થાય, જે બિઝનેસ કેનવાસિંગમાં મદદરૂપ થશે.





- માસિક હાઉસ જર્નલ પ્રકાશિત કરોને ગ્રાહકોને જાણકારી માટે શાખાઓમાં, કેટલાંક સારા ઘરાકોની કામની જગ્યાએ, લાઈબ્રેરીઓમાં, વિગેરેમાં જાહેરમાં મૂકો.
- દર મહિને બેન્કની પ્રગતિનો અહેવાલ સભાસદો તથા ખાતેદારને એસએમએસ કે વોટ્સએપનાં માધ્યમથી મોકલી તેમને બેન્કની કામગીરીથી સતત માહિતગાર રાખો.
- માર્કેટમાં રોજ અનુકૂળ સમયે નિર્ધારિત કરેલ વિસ્તારમાં જઈ બેન્કનો પ્રોપેગેન્ડા કરો. જે વિસ્તારમાં જાવ તે કયા પ્રકારનો વિસ્તાર છે તે નકકી કરો - ધંધાવાળો છે, રહેણાંક વર્ગવાળો છે, સ્કૂલ / ઓફિસ / નાના અથવા મધ્યમ વેપારી વર્ગવાળો છે, મોટાં કદની જથ્થાબંધ કે છૂટક વેપારવાળો એરીયા છે કે ઈન્ડસ્ટ્રિયલ ઝોન છે. આ અગાઉથી નકકી કર્યા પછી અનુકૂળ સમયે એક અધિકારી, એક કલાર્ક અને જો મહિલા સ્ટાફ રાખ્યો હોય તો એક મહિલાએ બેન્કનાં આઈકાર્ડ સાથે બે કલાકમાં ઓછામાં ઓછા પાંચ જગ્યાએ જાઓ.
- ખાતું ખોલવાં માટે જરૂરી સાહિત્ય સાથે રાખો. કોઈ પ્રોસ્પેકટ (સંભવિત ગ્રાહક) ખાતું ખોલવા આતુરતા દર્શાવે, તો કેવાયસી સાથે તેનું ફોર્મ ભરવું, મીનિમમ બેલેન્સ જો તે નકદમાં આપે તો સ્વીકારી તેને પહોંચ આપવી અને બેન્કે સપ્લાય કરેલી લોક એન્ડ કીવાળી બેગમાં મૂકવું. આભાર દર્શાવી બીજે દિવસે તેમને ચેકબુક અને સ્લીપબુક સમયસર પહોંચતી કરવી અથવા રૂબરૂ આવે તો સોંપવી.
- 'ડોર-સ્ટેપ' સેવાઓ તેમજ ફ્રી સેવાઓનો લાભ આપતી તમારી સ્કીમો જણાવો - સરેરાશ કેટલું બેલન્સ રાખવું તે સમજાવો, અને તેને 'ટેલર-મેઈડ' યોજનાઓ આપો.
- બેન્કમાં આવતા સંતુષ્ટ ખાતેદારો પાસેથી, લોકર ધારકો કે સેફ કસ્ટડી મૂકનાર ગ્રાહકો પાસેથી તો તેમનાં તથા તેમનાં કુટુંબના - સભ્યોના ખાતાં તો મેળવો જ, પણ તેમનાં મિત્રો - ઓળખીતાઓ - સગાસંબંધીઓની યાદી મેળવો અને તેમનાં ઘરે અથવા ફોનથી સંપર્ક સાધો અને આ રીતે પણ માર્કેટીંગ સક્રિય બનાવો - મહેનત, લગન, કમિટમેન્ટ, ઈચ્છાશકિત, ટીમ વર્ક, ઉપરી અધિકારીનો સહયોગ વિગેરેનો સંયોગ હશે તો બેન્કને સફળતા પ્રાપ્ત થશે જ, એવી મારી લેખિત ગેરન્ટી છે.

સમયને સમજીને સમય સાથે કદમ મિલાવશો તો ટૂંક સમયમાં બેન્કની પ્રગતિને, બિઝનેસ વૃદ્ધિને અને વિશ્વસનીયતાને કોઈ આંચ નહીં આવશે; જે બેન્કનું માર્કેટિંગ સ્વસ્થ અને સબળ તે બેન્કની મજબૂતીને આંચ આવી શકે નહીં.

**અજીતપ્રકાશ આઈ. પારેખ**
મેનેજર (ઈવેન્ટ્સ)

# ધી પંચશીલ મર્કન્ટાઈલ કો-ઓ. બેંક લીમીટેડ





હેડ ઓફિસ


હેડ ઓફિસ


રાણી તળાવ શાખા


રાણી તળાવ શાખા


કતારગામ શાખા


કૈલાશ નગર શાખા


ઉધના-મગદલ્લા શાખા


વરાછા શાખા

''સહકાર સે સમૃદ્ધિ''

# ધી પંચશીલ મર્કન્ટાઈલ કો-ઓ. બેંક લીમીટેડ

## પંચશીલ બેંકની સેવાકિય પ્રવૃત્તિની તસ્વીરી ઝલક
















# ધી પંચશીલ મર્કન્ટાઈલ કો-ઓ. બેંક લીમીટેડ

## સંસ્કૃતિનું જતન ધનતેરસે લક્ષ્મી પૂજન





''સહકાર સે સમૃદ્ધિ''

ધી પંચશીલ મર્કન્ટાઈલ કો-ઓ. બેંક લીમીટેડ

સંસ્કૃતિનું જતન ધનતેરસે લક્ષ્મી પૂજન



# ધી પંચશીલ મર્કન્ટાઈલ કો-ઓ. બેંક લીમીટેડ

## ગ્રાહક સંવાદ







## RBI કહે છે... જાણકાર બનો સતર્ક રહો...

જો તમને ખબર પડે કે કોઈએ તમારા બેંક ખાતામાંથી છેતરપિંડી કરીને પૈસા ઉપાડી લીધા છે. તો તરત જ તમારી બેંકને જાણ કરો. જ્યારે પણ તમે બેંકને જાણ કરો, ત્યારે પાવતી લેવાનું યાદ રાખો. બેંકે ફરિયાદ મળ્યાના ૯૦ દિવસની અંદર તમારી ફરીયાદનું નિરાકરણ કરવું પડશે.





ધી પંચશીલ મર્કન્ટાઈલ કો-ઓ. બેંક લીમીટેડ

## પંચશીલ બેંકમાં નવરાત્રી ઉત્સવની તસ્વીરી ઝલક






## ધી પંચશીલ મર્કન્ટાઈલ કો-ઓ. બેંક લીમીટેડ

### નિઃશુલ્ક મેડીકલ ચેકઅપ અને બ્લડ ડોનેશન કેમ્પની તસ્વીરી ઝલક








ધી પંચશીલ મર્કન્ટાઈલ કો-ઓ. બેંક લિ. ને
સુવર્ણ જયંતિ વર્ષ પ્રસંગે

## હાર્દિક શુભેચ્છાઓ

ऊर्जस्वानग्नी रायस्पोषं तनोतु मे।

**RAJDEEP**
**BOILER PVT. LTD.**

દિપક દૂધવાળા

**રાજદીપ બોઈલર**

**Head Office / Unit I**
I/17-18-19, Road No. 6(I/A), G.I.D.C., Sachin, Surat-394230, Gujarat, India.

**Unit II**
172, 173/2, G.I.D.C., Bhatpore, Hazira, Surat - 394510, Gujarat, India.



ધી પંચશીલ મર્કન્ટાઈલ કો-ઓ. બેંક લિ. ને સુવર્ણ જયંતિ વર્ષ પ્રસંગે

## હાર્દિક શુભેચ્છાઓ

નૈલેશ પટેલ

**જય જલારામ ટેક્ષટાઈલ**

૪૨૯/૬, રોડ નં. ૭, સચીન જી.આઈ.ડી.સી. ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ,
સુરત નવસારી હાઈવે, સુરત.